નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :15 FEBRUARY 2025 I SATURDAY I Page :8 I Year : 2 I Issue :268 I Price: 2/-


સામના મિરર
ટેરિફ બાબતે 'જેવા સાથે તેવા' ની નીતિ લાગુ પાડવામાં આવશેઃ ટ્રમ્પ

ટેરિફ બાબતે 'જેવા સાથે તેવા' ની નીતિ લાગુ પાડવામાં આવશેઃ ટ્રમ્પ

જુઓ પેજ નં.૩

# ૮ ગુજરાતી સહિત ૧૧૯ ગેરકાયદે ભારતીયોને અમેરિકાએ ડિપોર્ટ કર્યા

## અમૃતસરમાં ઉતરશે આજે બીજું વિમાન



અમેરિકાથી ૧૧૯ ગેરકાયદે વસાહતીઓને લઈને આવનારું પ્લેન આજે અમૃતસરમાં ઉતરશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સત્તા સાંભળતાની સાથે જ ગેરકાયદે વસાહતીઓપર ત્રાટકવાનું શરૂ કર્યુ છે. ગેરકાયદે વસાહતીઓને વીણીવીણીને તેમના દેશમાં મોકલવામાં આવી રહ્યા છે. તેમા ભારતના પણ છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્લેન આજે રાત્રે દસ વાગે અમૃતસરમાં ઉતરાણ કરી શકે છે. અમેરિકાએ મોકલેલા ૧૧૯ ગેરકાયદે વસાહતીઓમાં ૬૭ પંજાબીઓ, ૩૩ હરિયાણાના, ૮ ગુજરાતી, ઉત્તરપ્રદેશના ૩, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના બે-બે, હિમાચલ પ્રદેશ તથા જમ્મુ-કાશ્મીરના એક-એકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બીજું પ્લેન ૧૬મી ફેબ્રુઆરીએ લેન્ડ થઈ શકે છે. આ પહેલા અમેરિકાએ ગયા સપ્તાહે ૧૦૪ ગેરકાયદે વસાહતીઓને ભારત પરત મોકલ્યા હતા. તેમા ગુજરાત અને હરિયાણાના ૩૩-૩૩ અને પંજાબના ૩૦ હતા. પંજાબ અને બીજા કેટલાય રાજ્યના લોકો ડંકી રસ્ટે અમેરિકામાં ઘૂસ્યા હતા. પંજાબમાં આ રીતે પ્લેન ઉતારવા સામે કેટલાય રાજકીય પક્ષોએ તેની સામે સવાલ ઉઠાવ્યા છે. પંજાબના નાણાપ્રધાન હરપાલસિંહ ચીમાએ જણાવ્યું હતું કે ભાજપની સરકાર પંજાબને બદનામ કરવા માંગે છે. પંજાબે જો કે ગેરકાયદેસરની માનવ તસ્કરીના કાંડને પકડવા માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ રચી છે. તેમા ડિપોર્ટીઓના નિવેદનોના આધારે દસ જેટલા બનાવટી ઈમિગ્રન્ટ કન્સલ્ટન્ટોની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. ભારત આવવા ૧૧૯ ગેરકાયદે વસાહતીઓને લઈને ઉપડેલી ફ્લાઇટ્સે પનામામાં રોકાણ કર્યુ હતું. પનામામાં કોઈ બીજા દેશના ગેરકાયદે વસાહતીઓને લઈને ઉતરેલી આ પ્રથમ ફ્લાઇટ હતી. પનામાએ અમેરિકાને ગેરકાયદે વસાહતીઓને મોકલવા માટે સ્ટોપઓવર તરીકેની ઓફર કરી હતી. તેમા ભારત આવનારી ફ્લાઇટ સૌપ્રથમ હતી.

# રશિયાનો યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર ડ્રોન હુમલો, ન્યૂક્લીયર એજન્સી એલર્ટ



### ૧૯૮૬ના હોનારત જેવી ઘટનાની ભીતિને પગલે યુરોપ સુધી ફફડાટ, જોકે હુમલો ન કર્યો હોવાનો રશિયાનો બચાવ

કિવ : રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ વધુ ઘાતક બની રહ્યું છે, રશિયાએ હવે યુક્રેનના પરમાણુ પ્લાન્ટ પર હુમલો કર્યો છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પરમાણુ પ્લાન્ટ પર રશિયાના હુમલાનો વીડિયો જાહેર કર્યો હતો. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે રાત્રીના સમયે રશિયન ડ્રોન કેરનોબી ન્યૂક્લીયર પાવર પ્લાન્ટ પર ધડાકા સાથે અથડાયું હતું. જોકે પ્લાન્ટનો બહારનો હિસ્સો જ ક્ષતિગ્રસ્ત થયો હતો.યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર જાહેર કરેલા વીડિયોમાં ડ્રેન હુમલા સમયે થયેલો મોટો વિસ્ફોટ ઉપરાંત તેનાથી ન્યૂક્લીયર પાવર પ્લાન્ટમાં પડેલુ મોટુ ગાબડુ પણ દેખાડવામાં આવ્યું છે. વીડિયોમાં પ્લાન્ટનો સળગતો શીલ્ડ અને અંદર થયેલા નુકસાનને પણ દેખાડવામાં આવ્યું છે. આખી રાત રશિયાએ યુક્રેન પર ડ્રોન હુમલા કર્યા હતા જેમાં આ ન્યૂક્લીયર પ્લાન્ટને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો. બીજા દિવસે સવારે આ પ્લાન્ટની ચકાસણી કરવામાં આવી હતી જોકે રેડિએટર લેવલ સ્થિર હોવાનું જણાતા યુક્રેને રાહતનો શ્વાસ લીધો હતો. યુક્રેનના આ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટના કવરને વર્ષ ૨૦૧૬માં બહુ જ મજબૂતાઈથી બનાવવામાં આવ્યું હતું,

# મહાકુંભમાં જઈ રહેલાં બોલેરોની બસ સાથે ટક્કરઃ ૧૦નાં મોતઃ ૧૯ ઘાયલ

### છત્તીસગઢથી સંગમમાં સ્નાન કરવા આવી રહ્યા હતા શ્રદ્ધાળુઓ



પ્રયાગરાજઃ યુપીના પ્રયાગરાજમાં એક બોલેરો બસ સાથે અથડાઈ ગઈ. આ અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયા છે. ૧૯ ઘાયલ થયા છે. છત્તીસગઢના કોરબા જિલ્લામાંથી ભક્તો સંગમમાં સ્નાન કરવા આવી રહ્યા હતા. આ અકસ્માત પ્રયાગરાજ-મિર્ઝાપુર હાઈવે પર મેજા વિસ્તારમાં મોડીરાતે ૨.૩૦ વાગ્યે થયો હતો. બધા મૃતકો બોલેરોમાં મુસાફરી કરી રહ્યા હતા, જ્યારે બસના મુસાફરો ઘાયલ થયા હતા. બસ પ્રયાગરાજથી મધ્યપ્રદેશ જઈ રહી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બોલેરોનો આગળનો ભાગ તૂટી ગયો. ભક્તો રસ્તા પર ફેંકાઈ ગયા. કોઈનો હાથ તૂટી ગયો હતો તો કોઈનું માથું ફાટી ગયું હતું. ઘણા લોકો બોલેરોમાં ફસાઈ ગયા. બોલેરોમાંથી મૃતદેહો કાઢવામાં અઢી કલાક લાગ્યા. કમિશનર તરત્રણ ગાબા અને ડીએમ રવિન્દ્ર કુમાર મંધડ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. એસપી યમુનાપર વિવેક યાદવે જણાવ્યું હતું કે બોલેરોમાં સવાર બધા મુસાફરો પુરુષો હતા. બોલેરોની ગતિ ખૂબ જ વધારે હતી. બસના ડ્રાઈવરે બ્રેક લગાવી, પણ બોલેરો ટ્રક સાથે સામસામે અથડાઈ ગઈ.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# મણિપુરમાં દસમી વાર રાષ્ટ્રપતિ શાસન



મણિપુરમાં લાંબો સમય સુધી હિંસાચાર જોયા પછી કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસનનું શસ્ત્ર ઉગામ્યું છે. મણિપુરની જનતા માટે જોકે રાષ્ટ્રપતિ શાસન એ નવી વાત નથી, કેમ કે દેશમાં સૌથી વધુ - ૧૦ વાર - રાષ્ટ્રપતિ શાસન મણિપુરમાં લદાઈ ચૂક્યું છે. મણિપુરે અનુભવેલો સૌથી પ્રલંબ રાષ્ટ્રપતિ શાસનનો ગાળો બે વર્ષ ૧૫૭ દિવસનો છે - ૧૭ ઓક્ટોબર ૧૯૬૯થી ૨૨ માર્ચ ૧૯૭૨.

રાજ્ય બંધારણ અનુસાર કામ કરવા સક્ષમ ન હોય ત્યારે કેન્દ્ર સરકાર રાજ્યનો વહીવટ સીધો જ પોતાના હાથમાં લઇ લે છે. ત્યાર બાદ રાજ્યપાલ તેમની પસંદગીના અધિકારીઓની નિમણૂક કરી શકે છે અને શાસન કરી શકે છે. મોટા ભાગે આવા અધિકારીઓ નિવૃત્ત હોય છે અને લોકો સાથે બહુ ભેદભાવ ન રાખનારા હોય છે. આવા અધિકારીઓ અન્ય રાજ્યોમાંથી પણ લાવી શકાય છે.

દેશના લગભગ તમામ રાજ્યો રાષ્ટ્રપતિ શાસનનો અનુભવ કરી ચૂક્યાં છે, ફક્ત તેલંગણા અને છત્તીસગઢને બાદ કરતાં.  રાજ્યોમાં કોઇ રાજકીય જોડાણ તૂટી પડે કે અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય ત્યારે રાષ્ટ્રપતિ શાસન લદાતું હોય છે. રાજ્યપાલ રાષ્ટ્રપતિને ભલામણ કરે તે પછી રાષ્ટ્રપતિ શાસન લદાતું હોય છે. ત્યાર બાદ દર છ મહિને તે રીન્યુ કરવું પડે છે. દરેક પગલે રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર રહે છે.

લોકોના રોજીંદા જીવનમાં રાષ્ટ્રપતિ શાસનના કારણે વિશેષ ફેરફાર જોવા નથી મળતા. હા, સરકારી કર્મચારીઓ નિયમિત ઓફિસ આવતા થઇ જાય છે. અન્ય કેટલીક સમસ્યાઓ ઉકેલવી આસાન બની જાય છે.

કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિ શાસનના બહુ પડતા ઉપયોગના વિરોધમાં છે. પશ્ચિમ બંગાળમાં સંદેશખલી વિસ્તારનો ઘટનાક્રમ બન્યો ત્યારે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની જોરદાર માગણી થઈ હતી. જે રાજ્યમાં ચૂંટાયેલી સરકાર હોય ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાદવું ખૂબ મુશ્કેલ હોય છે. ભૂતકાળમાં રાજ્યના સત્તાધારી પક્ષને ઉથલાવવા રાષ્ટ્રપતિ શાસનનો શસ્ત્ર તરીકે ઉપયોગ થયો છે.

કર્ણાટકની બોમ્માઇ સરકારને ઉથલાવવા કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાદ્યું ત્યારે તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. તે વખતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને તતડાવી નાખી હતી અને ૩૫૬મી કલમનો દુરુપયોગ કરવા સામે ચેતવણી આપી હતી.

ભારતના રાજકારણમાં કેન્દ્ર સરકાર કોઈ પણ પક્ષની હોય, પણ  તેણે વિપક્ષની રાજ્ય સરકાર તોડવા રાષ્ટ્રપતિ શાસનનો ઉપયોગ કર્યો છે. વિપક્ષની રાજ્ય સરકારોને રાષ્ટ્રપતિ શાસનનું હથિયાર ગમે ત્યારે ત્રાટકશે એવો ડર રહેતો હોય છે. જોકે છેલ્લાં દસ વર્ષમાં એક પણ ચૂંટાયેલી રાજ્ય સરકારને ઉથલાવવાનો પ્રયત્ન થયો નથી.

વર્તમાન મોદી સરકાર રાષ્ટ્રપતિ શાસનની વિરોધી ગણાય છે, પરંતુ મણિપુર માટે કેન્દ્ર પાસે આ એક માત્ર વિકલ્પ બચ્યો હતો. મણિપુરમાં સ્થિતિ એટલી તંગ છે કે રાજ્યની મુલાકાતે ગયેલા ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાની સિક્યોરીટી વધારવી પડી હતી. સરહદી રાજ્યોમાં રાજ્ય સરકારો  તોફાની તત્ત્વો સામે આંખમિંચામણા કરે છે ત્યારે તોફાનો વધુ ભડકે છે. મણિપુરમાં કડક હાથે સાફસૂફી કરવાની તક રાષ્ટ્રપતિ શાસનના કારણે કેન્દ્ર સરકારને મળી છે. કોણ તોફાની તત્ત્વો છે તેની સરકારને ખબર છે, પરંતુ મતલક્ષી અભિગમને કારણે સરકાર તોફાનીઓની આળપંપાળ કરતી હતી. હવે જ્યારે રાજ્યપાલ પાસે તમામ સત્તા આવી ગઇ છે ત્યારે તેનો મહત્તમ ઉપયોગ કરીને મોટા પાયે તોફાનીઓની સાફસુફી કરવાની જરૂર છે.મણિપુરમાં અવારનવાર અશાંતિ ઊભી થતી રહી છે. દરેક સરકાર કાયમી સમાધાન લાવવાના બદલે થીગડાં મારીને સમસ્યાને દાટી દે છે. થોડા સમય જૂની સમસ્યા પાછી માથું ઉંચકીને સપાટી પર આવી જાય છે. મણિપુરના કેસમાં ડબલ એન્જિન સરકાર છે તે એક પ્લસ પોઈન્ટ છે. કેન્દ્ર અને રાજ્ય બન્નેમાં એક જ પક્ષની સરકાર હોવી તે મોટા રાહતની વાત છે.

### મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લદાયા બાદ....

# કોંગ્રેસ અધ્યક્ષ ખડગેનો પીએમ મોદીને પડકાર : હિંમત હોય તો મણિપુર જાવ, લોકોની માફી માંગો



નવીદિલ્હી,તા.૧૪

કોંગ્રેસે એક વખત ફરી મણિપુરના મુદ્દે ભાજપને ઘેરી છે. શુક્રવારે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે 'ભાજપે ભૂલ માનીને જ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું છે.'

સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મણિપુરની જનતાની માફી માગવા માટે કહ્યું છે. મહત્ત્વનું છે કે વિપક્ષ લાંબા સમયથી રાજ્યમાં હિંસાના આરોપોને લઈને ભાજપ પર સવાલ ઉઠાવી રહ્યું છે.

ખડગેએ સવાલ કર્યો કે 'શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે મણિપુરનો પ્રવાસ કરવા અને ત્યાં લોકોની માફી માગવાની હિંમત બતાવી શકશે? મુખ્યમંત્રી એન.બિરેન સિંહનું રાજીનામું આપવાના ચાર દિવસ બાદ ગુરુવારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લગાવી દેવાયું. વિધાનસભાને પણ સસ્પેન્ડ કરાઈ છે.'ખડગેએ એક્સ પર પોસ્ટ કરી કે, 'નરેન્દ્ર મોદીજી, તમારી પાર્ટી જ ૧૧ વર્ષથી કેન્દ્રમાં શાસન કરી રહી છે. આ તમારી પાર્ટી છે જે આઠ વર્ષ સુધી મણિપુરમાં પણ શાસન કરી રહી હતી. આ ભાજપ જ છે જે રાજ્યમાં કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે જવાબદાર હતી.'  'આ તમારી સરકાર છે જેની રાષ્ટ્રીય સુરક્ષા અને સરહદ પર પેટ્રોલિંગની જવાબદારી છે. તમારા દ્વારા રાષ્ટ્રપતિ શાસન લગાવવું, પોતાની જ પાર્ટીની સરકારને સસ્પેન્ડ કરવી એ વાતની સીધી સ્વીકૃતિ છે કે તમે મણિપુરના લોકોને નિરાશ કર્યા. વડાપ્રધાને રાષ્ટ્રપતિ શાસન એટલા માટે નથી લગાવ્યું કે તેઓ એવું ઈચ્છતાં હતાં. પરંતુ એટલા માટે લગાવ્યું કેમ કે રાજ્યમાં બંધારણીય સંકટ છે તથા તમારા કોઈ પણ ધારાસભ્ય તમારી અક્ષમતાનો બોજ સ્વીકાર કરવા માટે તૈયાર નથી. તમારા ડબલ એન્જિને મણિપુરની નિર્દોષ જનતાની જીંદગીઓને કચડી નાખી. હવે સમય આવી ગયો છે કે તમે મણિપુરમાં પગ મૂકો અને પીડિત લોકોના દર્દ અને પીડાને સાંભળો અને તેમની માફી માગો.

## ભારત અને ચીનના વિવાદોમાં મધ્યસ્થી થવા ડોનાલ્ડ ટ્રમ્પની ઓફર

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત દરમ્યાન યુક્રેનથી લઈ રશિયા અને ચીનથી લઈ બાંગ્લાદેશ સુધીના મુદાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી અને ખાસ કરીને અમેરિકા અને ચીનના સંબંધો અંગે પણ ઉલ્લેખ કર્યો હતો.પ્રમુખ ટ્રમ્પે હાલમાં જ ચીન પર અનેક ટેરીફ લાદયા છે અને ચીને પણ તેનો જવાબ આપ્યો છે. ટ્રમ્પે આ ઉપરાંત યુક્રેન-રશિયા યુદ્ધ અટકાવવા માટે ચીનની ભૂમિકાની પણ આવશ્યકતા દર્શાવી હતી. સાથોસાથ ભારત-ચીનના સંબંધોનો ઉલ્લેખ કરતા કહ્યું કે હું જયારે ભારતને જોવ છું તો સરહદો પર થતી અથડામણો પણ જોવ છું અને તે અત્યંત ક્રુર બાબત છે.શ્રી ટ્રમ્પે એક મહત્વના વિધાનમાં કહ્યુ કે જો ભારત અને ચીનના સંબંધો સુધારવામાં હું કોઈ કામ લાગી શકતો હોઉ તો મદદ કરવામાં મને સારુ લાગશે. આમ કહીને તેઓએ ભારત અને ચીન વચ્ચે મધ્યસ્થીની ઓફર કરી દીધી હતી. જો કે ભારત અગાઉ જ ચીન અને પાકિસ્તાન સાથેના તેના વિવાદને દ્વીપક્ષી ગણાવી ચૂકયુ છે.

# જાન્યુઆરીમાં ખાદ્ય વસ્તુઓનાં જથ્થાબંધ ભાવમાં ઘટાડાથી રાહત

જાન્યુઆરીમાં ભારતનો થોક મુલ્ય સુચકાંક હોલસેલ પ્રાઈઝ ઈન્ડેકસ) ડીસેમ્બર ૨૦૨૨૪ ના ૨.૩૭ ટકાથી ઘટીને ૨.૩૧ ટકાએ પહોંચ્યો છે. આમ મોંઘવારીના દરમાં મોટી રાહત મળી છે.વાણીજય મંત્રાલય તરફથી આજે આ સાથે જોડાયેલા આકડા જાહેર કર્યા છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ખાદ્ય વસ્તુઓ ખાસ કરીને શાકભાજીની કિંમતોમાં ઘટાડાને કારણે જાન્યુઆરીમાં જથ્થાબંધ મુલ્ય આધારીત ફૂગાવો ઘટીને ૨.૩૧ ટકા પર આવી ગયો છે.વાણીજય અને ઉદ્યોગ મંત્રાલય તરફથી શુક્રવારે આ સાથે જોડાયેલા આંકડા જાહેર કરવામાં આવ્યા હતા.ડીસેમ્બર ૨૦૨૪ માં જથ્થાબંધ મુલ્ય સુચકાંક (ડબલ્યુપીઆઈ), આધારીત ફૂગાવો ૨.૩૭ ટકા હતો જાન્યુઆરી ૨૦૨૪ માં તે 0.૩૩ ટકા હતો.

આંકડા અનુસાર ખાદ્ય વસ્તુઓનો ફૂગાવો જાન્યુઆરીમાં ઘટીને ૫.૮૮ ટકા રહી ગયો હતો. જયારે ડીસેમ્બર ૨૦૨૪ માં તે ૮.૪૭ ટકા હતો. શાકભાજીની મોંઘવારી ઉલ્લેખનીય રીતે ઘટીને ૮.૩૫ ટકા રહી ગઈ હતી.બટેટાની મોંઘવારી ૭૪.૨૮ ટકા પર ઉચ્ચ સ્તરે બની હતી જયારે ડુંગળીની મોંઘવારી જાન્યુઆરીમાં વધીને ૨૮.૩૩ ટકા થઈ ગઈ. વિનીમત વસ્તુઓનાં ફૂગાવામાં ડીસેમ્બર ૨૦૨૪ માં ૨.૧૪ ટકાની તુલનામાં ફૂગાવો ૨.૫૧ રહેલો.બુધવારે જાહેર છુટક મોંઘવારીના આંકડાથી જાણવા મળે છે કે ખાદ્ય વસ્તુઓની કિંમતોમાં નરમીનાં કારણે ગ્રાહક મુલ્ય સુચકાંક (સીપીઆઈ) આધારીત ફૂગાવો જાન્યુઆરીમાં ઘટીને ૪.૩૧ ટકા રહી ગયો જે પાંચ મહિનાના નિમ્ન સ્તરે છે.

# ટેરિફ બાબતે 'જેવા સાથે તેવા' ની નીતિ લાગુ પાડવામાં આવશેઃ ટ્રમ્પ



## ટીટ ફોર ટેટ શુલ્ક લગાવવાની યોજના પર કર્યા હસ્તાક્ષર

## અમેરિકાના ટેરિફથી બચવું હોયતો સામે પક્ષે શૂલ્ક ઘટાડવું પડશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી ટેરિફ વોરની દુનિયામાં ચર્ચા છેડાઇ છે. અમેરિકા ચીન અને યુરોપ સહિતના વેપારી દેશો પર ટેરિફ વધારીને પોતાની ઇકોનોમિ વધુ મજબૂત કરવા ઇચ્છે છે. વૈશ્વિક વેપારમાં ટેરિફનીતિ થી અમેરિકાને ખૂબ નુકસાન થતું હોવાનું ટ્રમ્પ માને છે આથી દુનિયાના દેશોને અમેરિકા માટે ટેરિફ ઘટાડવા અથવા તો ભારે ટેરિફ સહન કરવા ટ્રમ્પ ધમકી આપી રહયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ટ્રમ્પે 'જૈસે કો તૈસા' (ટીટ ફોર ટેટ) શુલ્ક લગાવવાની યોજના પર હસ્તાક્ષર કર્યા છે. આનો મતલબ કે અમેરિકા પર અન્ય દેશો જેટલું ટેરિફ લગાડશે એટલું જ વળતા અમેરિકા પણ ટેરિફ લગાવવા મજબૂર થશે. ટેરિફ બાબતે જેવા સાથે તેવાની નીતિને અનુસરીને કોઇને પણ બક્ષવામાં આવશે નહી.આ યોજના અંગે અધિકારીઓને સુચના આપવામાં આવી છે કે જે અમેરિકા પર નવું ટેરિફ લગાડવાની તૈયારી કરી રહયા છે અથવા તો જેમણે અમેરિકી ઉત્પાદનો પર ઉંચું ટેરિફ લગાવ્યું છે તેના પર ટેરિફ નાખવા અંગે વિચાર કરે. જેવા સાથે તેવા નીતિ અપનાવવામાં આવશે તો કોઇ પણ પક્ષની ફરિયાદ રહેશે નહી.

ટ્રમ્પ માને છે કે મિત્ર હોય કે શત્રુ બધા જ દેશો અમેરિકા સાથે અયોગ્ય વર્તન કરતા રહયા છે. નવી યોજનાઓથી વ્યાપારની જટિલતા અવે અનુચિત વ્યવસ્થામાં નિષ્પક્ષતા અને સમૃધ્ધિમાં વધારો થશે. જો અમેરિકાના ટેરિફથી બચવું હોયતો સામે પક્ષે શૂલ્ક ઘટાડવું પડશે અથવા તો સમાપ્ત કરવું પડશે.વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે અનેક મુદાઓ પર ચર્ચા થઈ હતી.જેમાં ટ્રમ્પે ચીન અને ભારત વચ્ચેનાં સીમા વિવાદને ઉકેલવાની પણ ઓફર કરી હતી. જોકે ભારતે ટ્રમ્પની ઓફર ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે અમે આ મુદ્દો દ્વિપક્ષીય રીતે જ મામલાને ઉકેલવામાં રસ રાખીએ છીએ. વડાપ્રધાન મોદીની સાથે સંયુકત પત્રકાર મિલન દરમ્યાન રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે બન્ને દેશો વચ્ચે સૈન્ય અથડામણ ઘણી હિંસક હતી અને આ મામલે તે મદદ કરવા ઈચ્છશે. વિદેશ સચીવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે અમારા કોઈપણ પડોશી સાથે અમારા જે પણ મુદ્દા છે અમે તેને ઉકેલવા માટે હંમેશા દ્વિપક્ષીય દ્રષ્ટિકોણ અપનાવ્યો છે અને તે ઉકેલવા સક્ષમ છીએ.

# નવા ઇન્કમ ટેક્સ બિલ માટે ૩૧ સભ્યોની પસંદગી સમિતિની રચના, આગામી સત્રના પહેલા દિવસે રજૂ કરશે રિપોર્ટ



નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે (૧૩ ફેબ્રુઆરી) લોકસભામાં ઇન્કમટેક્સ બિલ ૨૦૨૫ રજૂ કર્યું હતું. બિલ રજૂ કરવાની સાથે જ તેમણે સ્પીકર ઓમ બિરલાને ગૃહની પસંદગી સમિતિને નવા કાયદા માટેનો ખરડો મોકલી આપવા વિનંતી કરી હતી. જે પછી સ્પીકરે આ બિલને ગૃહની પસંદગી સમિતિને મોકલ્યું છે અને હવે આ મામલે ૩૧ સભ્યોની પસંદગી સમિતિ પણ રચવામાં આવી છે. ભાજપ સાંસદ બૈજયંત પાંડાને આ સમિતિના ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા છે. નાણામંત્રીએ ગૃહમાં જ્યારે બિલ રજૂ કર્યું ત્યારે વિપક્ષી સાંસદોએ બિલનો ભારે વિરોધ કર્યો હતો. પરંતુ ત્યારબાદ મૌખિક મતદાન લેવાયું ત્યારે બિલ રજૂ કરવાની મૌખિક મંજૂરી મળી હતી. આ બિલને ૭ ફેબ્રુઆરીના રોજ કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ બિલ છ દાયકા જૂના આવકવેરા કાયદાનું સ્થાન લેશે. હવે જે પસંદગી સમિતિ બનાવવામાં આવી છે તે આગામી સત્રના પહેલા દિવસ સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરશે.

બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે વિપક્ષી સભ્યો દ્વારા કરવામાં આવેલા વિરોધ અંગે નાણામંત્રીએ કહ્યું હતું કે, કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી અને આરએસપીના એનકે પ્રેમચંદ્રને ખોટું કહ્યું છે કે નવા બિલમાં હાલના આવકવેરા કાયદા કરતાં વધુ કલમો છે. ૧૯૬૧માં પસાર થયેલા કાયદામાં ફક્ત થોડા જ વિભાગો હતા. વર્ષોથી થયેલા ફેરફારો પછી, હવે ૮૧૯ વિભાગો છે. જ્યારે પ્રસ્તાવિત કાયદામાં ફક્ત ૫૩૬ કલમો છે.

# આંદોલનકારી ખેડૂતો અને કેન્દ્ર સરકારની બેઠક નિષ્ફળ, હવે ૨૨ ફેબ્રુઆરીએ યોજાશે આગામી બેઠક



આશરે છેલ્લા એક વર્ષથી આંદોલન કરી રહેલા ખેડૂતોએ શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) ચંડીગઢમાં કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. જોકે, આ બેઠક નિષ્ફળ જતા આગામી બેઠક ૨૨ ફેબ્રુઆરીએ યોજાશે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીના નેતૃત્વમાં કેન્દ્રીય અધિકારીઓ અને ખેડૂત નેતાઓ વચ્ચે યોજાયલી આ બેઠકમાં એમએસપી સહિત અન્ય વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.બેઠક નિષ્ફળ જતા ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલે કહ્યું કે, 'અમે કેન્દ્રના અધિકારીઓ સાથે વધુ એક બેઠક કરીશું. આગામી બેઠકમાં કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણ અને અન્ય બે કેન્દ્રીય મંત્રી પણ હાજરી આપશે. આ બેઠક ચંડીગઢ કે દિલ્હીમાં યોજાઇ શકે છે. આ અંગે અમે એક-બે દિવસમાં જાહેરાત કરીશું.

# એફ-૩૫ ફાઈટર જેટ ભંગાર! અમેરિકા ભારતને ધાબડવા તૈયાર

## એફ-૩૫ ફાઈટર જેટ વિમાન અનેક વખત દુર્ઘટના ગ્રસ્ત છતાં ટ્રમ્પ ભારતને વેચવા ઉતાવળા : મસ્કે પણ એફ-૩૫ ફાઈટર વિમાનને ભંગાર ગણાવેલ

નવીદિલ્હી,તા.૧૪

આ વર્ષે ૨૮ જાન્યુઆરીએ અલાસ્કામાં ઈલસન યુએસ એરફોર્સ બેઝ પર ટ્રેનિંગ સેશન દરમિયાન એફ-૩૫એ ફાઈટર પ્લેન ક્રેશ થયું હતું. આ ઘટનાએ ફરી એકવાર આ વિવાદાસ્પદ વિમાનની સલામતી, વિશ્વસનીયતા અને ઓપરેશનલ ક્ષમતા પર સવાલો ઉભા કર્યા છે.

એવામાં હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, અમેરિકા ભારતને અત્યાધુનિક એફ-૩૫ ફાઇટર એરક્રાફ્ટ વેચશે.



આ સાથે ભારત અત્યાધુનિક સ્ટીલ્થ એરક્રાફ્ટ ધરાવતા દેશોની વિશિષ્ટ ક્લબમાં સામેલ થશે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે, ટ્રમ્પ ભારતને આટલી ખામીઓ સાથે એફ-૩૫ ફાઈટર પ્લેન વેચવાની ઉતાવળ કેમ કરી રહ્યાં છે.

એફ-૩૫ લાઈટનિંગ આઈઆઈ એ અમેરિકન એરોસ્પેસ જાયન્ટ લોકહીડ માર્ટિન દ્વારા વિકસિત પાંચમી પેઢીનું ફાઈટર એરક્રાફ્ટ છે, જેની પ્રથમ ઉડાન ડિસેમ્બર ૨૦૦૬માં થઈ હતી.

આ લશ્કરી વિમાન અદ્યતન સ્ટીલ્થ ક્ષમતાઓ, અદ્યતન એવિઓનિક્સ અને આધુનિક શસ્ત્રોથી સજ્જ છે. આજની તારીખમાં, અમેરિકન સૈન્ય અને વૈશ્વિક ભાગીદારોને ૧૦૦૦ થી વધુ વિમાનોનો સપ્લાય કરવામાં આવ્યો છે. એફ-૩૫ એરક્રાફ્ટમાં ઘણી ખામીઓ જોવા મળી રહી છે. ૨૦૧૮થી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા આ વિમાનના ૧૨ અકસ્માત થયા છે. તેની વિશ્વસનીયતા, જાળવણી, પ્રોજેક્ટમાં વિલંબ અને ખર્ચમાં વધારા અંગે પણ ચિંતા વધી છે. એફ-૩૫ સાથે ઘણી બધી સમસ્યાઓને જોતાં, માનવસહિત લડાયક વિમાનના ભવિષ્યને લઈને પ્રશ્નો ઉભા થયા છે.

ગત વર્ષે નવેમ્બરમાં જ, સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કએ ડ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં સેંકડો નાના ડ્રોન એકસાથે દેખાતા હતા. તે સમયે તેમણે કહ્યું હતું કે કેટલાક મૂર્ખ લોકો હજુ પણ એફ-૩૫ જેવા માનવયુક્ત ફાઈટર જેટ બનાવી રહ્યા છે.

માનવસહિત ફાઈટર જેટ પહેલેથી જ ડ્રોનના યુગમાં અપ્રચલિત છે. આનાથી માત્ર પાયલોટ જ માર્યા જશે. પાઈલોટેડ ફાઈટર જેટ્સ એ મિસાઈલની રેન્જને વધારવા અથવા બોમ્બમારો કરવા માટેની એક બિનકાર્યક્ષમ રીત છે. તે જ સમયે, ડ્રોન માનવ પાઈલટ વિના આ કામ કરી શકે છે.

અમેરિકા દાવો કરે છે કે, તેનું એફ-૩૫ ફાઈટર પ્લેન સુપર ફાઈટર જેટ છે. એફ-૩૫ સ્ટીલ્થ ફિચર્સથી સજ્જ છે, જેને કોઈ રડાર ડિટેક્ટ કરી શકતું નથી. ગયા વર્ષે પેન્ટાગોનના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે આ ફાઈટર એરક્રાફ્ટ તેની ઓપરેશનલ ક્ષમતાને પૂર્ણ કરવામાં સક્ષમ નથી. પેન્ટાગોનના રિપોર્ટમાં જણાવાયું છે કે, એફ-૩૫માં ૬૫ ઓપરેશનલ ખામીઓ છે. રિપોર્ટમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ ખામીઓને કારણે ઋ-૩૫ એરક્રાફ્ટ મૂળભૂત પરીક્ષણ વિશિષ્ટતાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે.

# સવારની દિલ્હી ફલાઈટ પાછી ઠેલાઈ દિલ્હી એરપોર્ટ ઓથોરીટીએ એપ્રુવ્ડ આપ્યું નહીં

### વર્ષો બાદ શરૂ થનારી સવારની દિલ્હી ફલાઈટને લીલીઝંડી નહીં મળતા ઉદ્યોગકારો – સ્ટુડન્ટસમાં નિરાશા




રાજકોટ,તા.૧૪

રાજકોટનાં હીરાસર સ્થિત ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં તા.૧૫મી ફેબ્રુઆરીથી સવારની રાજકોટ-દિલ્હી-રાજકોટ ફલાઈટ શરૂ થાય તે પૂર્વે જ દિલ્હી એરપોર્ટ ઓથોરિટીએ એપ્રુવ્ડ નહી આપતા ઉદ્યોગકારો- વેપારીઓ અને સ્ટુડન્ટસ નારાજગી ફેલાઈ છે.રાજકોટથી સવારની દિલ્હી ફલાઈટ માટે ઘણા વર્ષો (જુના એરપોર્ટ) સમયથી ઉઠેલી માંગને ધ્યાને લઈ ઈન્ડિગો એર લાઈન્સે સવારની રાજકોટ- દિલ્હી-રાજકોટ ફલાઈટ શરૂ કરવા રાજકોટ અને દિલ્હી એરપોર્ટ ઓથોરીટી સમક્ષ સ્લોટ માંગ્યો હતો. જેમાં રાજકોટમાં સ્લોટ ફાળવાયો હતો જયારે દિલ્હી એરપોર્ટ તરફથી એપ્રુવ્ડ નહી મળતા આ ફલાઈટ પાછી ઠેલાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ એરપોર્ટમાં સવારે દિલ્હી જવા માટે એક પણ ફલાઈટ નથી. ડેઈલી બપોર બાદ ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ૧-૧ એમ કુલ બે ફલાઈટનું ઉડ્ડયન શરૂ છે. સવારની દિલ્હી ફલાઈટ શરૂ થાય તો સવારે દિલ્હી જઈ રાતે પરત રાજકોટ આવી શકાય.

ઈન્ડિગોએ સવારની દિલ્હી ફલાઈટ માટે પ્રક્રિયા હાથ ધરી પરંતુ દિલ્હી એરપોર્ટ તરફ આ ફલાઈટને એપ્રુવ્ડ નહી મળતા હવાઈ મુસાફરોમાં નિરાશા ફેલાઈ છે.ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવું ટર્મિનલ કાર્યરત થતા હવાઈ સેવામાં વધારો થવાની આશા ઉજળી બની છે ત્યારે સવારની દિલ્હી ફલાઈટ શરૂ થાય તે પહેલા જ કેન્સલ થતા હવે સવારની દિલ્હી ફલાઈટ માટે વધુ સમય રાહ જોવી પડશે. સવારે હવાઈ માર્ગે દિલ્હી જવા ના છુટકે અમદાવાદ એરપોર્ટ જવું પડે તેવી સ્થિતિ યથાવત છે.

# ઈન્ચાર્જના પણ ઈન્ચાર્જ ટીપીઓનો ચાર્જ કોર્પો.ના એટીપીને સોંપવો પડયો

### અધિકારી રજા પરથી પરત ફરે ત્યાં સુધી જે.જે.પંડયાને ચાર્જ




રાજકોટ, તા. ૧૪

મ્યુનિ. કોર્પોરેશનના કાયમી ટીપીઓની જગ્યા આઠ મહિનાથી ખાલી છે ત્યારે વધુ એક વખત ઈન્ચાર્જની નિમણુંક તો થઇ છે પરંતુ તેમાં પણ હવે ઈન્ચાર્જના પણ ઈન્ચાર્જ નિમવા પડયા છે.

તાજેતરમાં કોર્પો.માં રાજય સરકારે હંગામી ધોરણે મૂકેલા ટીપીઓ સંતકુમાર પંડયાની બદલી કરીને મુળ જગ્યાએ રૂડામાં મોકલવામાં આવ્યા છે. તેમની જગ્યાએ રાજય સરકારના ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારી કિરણ સુમરાની નિમણુંક કરવામાં આવી છે. પરંતુ નિમણુંક થવા સાથે જ આ અધિકારી પણ ૨૦ દિવસની રજા પર ઉતરી ગયા છે. આથી આ જગ્યા એકાએક અધિકારી વગરની થઇ ગઇ છે.

પ્લાન કમ્પલીશન જેવા નહીં તો સત્તાવાર પત્ર વ્યવહારના કામ માટે પણ આ અધિકારીની સહીની જરૂર રહે છે. આથી કોર્પો.ના સીનીયર એટીપી જે.જે.પંડયાને આ કામગીરી સંભાળવા સૂચના અપાઇ છે.હવે બે અઠવાડિયા બાદ સરકારના ઈન્ચાર્જ ટીપીઓ હાજર થાય ત્યાં સુધી એટીપી આ જગ્યાની કામગીરી સંભાળશે. જોકે અગ્નિકાંડ બાદ સ્થગિત થઇ ગયેલી મુખ્ય અને રોજિંદી કામગીરી કયારે શરૂ થશે તેની હજુ બિલ્ડરો રાહ જોઇ રહ્યા છે.



# ધો.૧૦-૧૨ની પરીક્ષાનું કાઉન્ટ-ડાઉન શરૂ બોર્ડ દ્વારા રાજકોટ સહિત રાજયના કલેકટરો સાથે યોજાશે વીડીયો કોન્ફરન્સ

**પરીક્ષા સમિતીની બેઠક બાદ રાજકોટ શહેર-જિલ્લાનો જાહેર થશે એકશન પ્લાન તા.૨૩ના પેપરો આવશે રાજયમાં ૧૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ આપશે કસોટી**

રાજકોટ તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭ને ગુરૂવારથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થનાર છે. જેને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ગુજરાત બોર્ડની આ પરીક્ષા સુચારૂ રૂપથી લેવાય તે માટે શિક્ષણ બોર્ડના સચીવ દ્વારા આગામી તા.૧૯ને બુધવારના સવારના ૧૧ કલાકે રાજકોટ સહિત રાજયભરના જિલ્લા કલેકટરો સાથે વીડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી છે.

તેમજ આજ દિવસે જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જીલ્લા પરીક્ષા સમિતીની બેઠક યોજાશે. ત્યારબાદ ઈન્ચાર્જ જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો એકશન પ્લાન જાહેર કરી દેવામાં આવનાર છે.

ગુજરાત શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં રાજકોટ શહેર-જીલ્લામાં ૭૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ બેસનાર છે જેમાં ધો.૧૦ના ૪૭૨૮૦ ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૨૩૩૭૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના ૭૭૮૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. રાજયમાં ધો.૧૦ અને ૧૨ના ૧૪.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ ૧૬૬૧ કેન્દ્રો પરથી આ પરીક્ષા આપનાર છે.

આ વખતે રાજયમાં ૨૭ જેટલા પરીક્ષા કેન્દ્રોનો વધારો થયો છે.. રાજકોટ ખાતે બોર્ડની આ પરીક્ષાના પેપરો તા.૨૩ના રાજકોટ ખાતે આવી પહોંચનાર છે.

## રાજકોટ સહિત દેશભરમાં CBSE બોર્ડની પરીક્ષાનો થશે પ્રારંભ ૪૪ લાખ વિદ્યાર્થીઓ

સી.બી.એસ.ઈ.( )દ્વારા આવતી કાલ તા.૧૫થી રાજકોટ સહિત દેશભરમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થનાર છે. સમગ્ર દેશમાં ૪૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપનાર હોય આ પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવા માટે બોર્ડ સજ્જ બની ગયેલ છે.રાજકોટ રીજીયનમાં ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓ ૪૮ જેટલા કેન્દ્રો પરથી આ પરીક્ષા આપનાર છે. કેન્દ્રીય શિક્ષા બોર્ડ દ્વારા આ વખતથી તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી ફરજજિયાત કરી દેવામાં આવેલ છે. જેનું રેકોર્ડીંગ હવે કેન્દ્ર સંચાલકોએ ફરજિયાત સાંચવી રાખવું પડશે. આ માટે મોનીટરીંગ ઓફીસરની નિયુકિત કરી ખાસ ફરજ સોંપી દેવામાં આવી છે.સી.બી.એસ.ઈ બોર્ડની આવતીકાલથી શરૂ થનારી પરીક્ષા તા.૪ એપ્રિલ સુધી ચાલશે જેમાં તા.૧૫ને શનિવારે સવારના સેશનમાં ૧૦.૩૦ થી ૧.૩૦ કલાક દરમિયાન પ્રથમ ઈંગ્લીશનું પેપર લેવામાં આવનાર છે. આ પરીક્ષાનો પ્રારંભ થતા જ સી.બી.એસ.ઈનો અભ્યાસક્રમ ચલાવતી શાળાઓમાં પરીક્ષા ફીવર છવાઈ જશે આ પરીક્ષા પર દિલ્હી સ્થિત કંન્ટ્રોલ રૂમ દ્વારા પણ બાજ નજર રાખવામાં આવશે. આ પરીક્ષામાં મોબાઈલ સ્માર્ટવોચ, માઈક્રોફોન લઈ જવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે.




### નેશનલ હાઈવે પર દર કલાકે ૫૫ લાખની ટોલટેક્સ વસૂલી

# ટોલટેક્સ વસૂલીમાં ગુજરાત રૂ. ૪૮૫૧ કરોડ સાથે બીજા ક્રમે, તેમ છતાંય માર્ગોની હાલત ખખડધજ

## નેશનલ હાઈવેમાં ટોલટેક્સની વસૂલીમાં ઉત્તરપ્રદેશ ૬૬૯૫ કરોડ સાથે અવ્વલ

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં નેશનલ હાઈવે પર વાહનચાલકોએ એક વર્ષમાં રૂપિયા ૪૮૫૧.૦૪ કરોડનો ટોલ ટેક્સ ચૂકવ્યો છે. નેશનલ હાઈવેમાં એક વર્ષમાં વાહનચાલકોએ સૌથી વધુ ટોલ ટેક્સ ચૂકવ્યો હોય તેવા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫ કરોડ સાથે મોખરે જ્યારે ગુજરાત ૪૮૫૧ કરોડ સાથે બીજા સ્થાને છે. આ સ્થિતિએ ગુજરાતમાં વાહનચાલકો પ્રતિ કલાકે સરેરાશ રૂપિયા ૫૫ લાખનો ટોલ ટેક્સ ચૂકવ્યો છે.

ગુજરાતમાં વિવિધ નેશનલ હાઈવે આવેલા છે. જેમાં નેશનલ હાઈવે ૮ અમદાવાદ-લિંબડી-મોરબી-કંડલા, નેશનલ હાઈવે ૮બી રાજકોટ-ગોંડલ-જેતપુર-પોરબંદર, નેશનલ હાઈવે ૮સી ચિલોડા-ગાંધીનગર-સરખેજ, નેશનલ હાઈવે ૫૬ રાજસ્થાનના ચિત્તોડગઢથી વાપીને, નેશનલ હાઈવે ૫૧ ઓખા-દ્વારકા-ભોગાત-ગણદેવી-પોરબંદર-માંગરોળ-વેરાવળ-સોમનાથને મુખ્યત્વે જોડે છે. આ સિવાય નેશનલ હાઈવે ૨૭, ૪૭, ૫૮, ૪, ૧૪૭, ૧૪૭ડી, ૧૪૮એમ, ૧૫૧ પણ ગુજરાત સાથે જોડાય છે.

નેશનલ હાઈવેથી સૌથી વધુ કમાણી કરાવી આપતા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫.૪૦ કરોડ સાથે મોખરે, રાજસ્થાન ૫૫૪૯.૪૮ કરોડ સાથે બીજા જ્યારે મહારાષ્ટ્ર ૫૦૦૨ કરોડ સાથે ત્રીજા સ્થાને છે.

આ સ્થિતિએ ઉત્તર પ્રદેશના નેશનલ હાઈવેથી પ્રતિ દિવસે વાહનાચાલકો સરેરાશ ૧૮ કરોડનો ટોલ ટેક્સ ચૂકવે છે. ગુજરાતના નેશનલ હાઈવેમાં ટોલ ટેક્સથી થતી આવકમાં પાંચ વર્ષમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે. ૨૦૧૯-૨૦માં ટોલ ટેક્સથી રૂપિયા ૨૯૮૩.૯૧ કરોડની આવક થઈ હતી જ્યારે ૨૦૨૩-૨૪માં વધીને રૂપિયા ૪૮૫૧ કરોડ થઈ ગઈ છે. જોકે, આટઆટલો ટોલ ટેક્સ ચૂકવવા છતાં ચોમાસા દરમિયાન વાહનચાલકોને ખખડધજ રસ્તાથી ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન ગુજરાતના અનેક નેશનલ હાઈવેની હાલત એવી થઈ ગઈ હતી કે ૩ કિલોમીટરનું અંતર કાપવામાં પણ ૧ કલાકથી વધુનો સમય થઈ જતો હતો.

# ગુજરાત હવે યુવાનોને રાજકારણનાં પાઠ ભણાવશે

## ગાંધીનગરમાં રૂા.૧૫૦ કરોડનાં ખર્ચે તૈયાર થશે ખાસ કેમ્પસ મુખ્યમંત્રીનાં હસ્તે ભૂમિપૂજન કરાયું

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ ગ્લોબલ લીડર બની રહેલા ભારતમાં યુવા અને ઉત્સાહી નેતૃત્વ ધરાવતું માનવ સંસાધન ઊભું કરવાનો નવતર અભિગમ સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ () દ્વારા અપનાવવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જદગ્અકના આ અભિગમને વાસ્તવિક સ્વરૂપ આપતા અદ્યતન કેમ્પસનું ભૂમિ પૂજન કર્યું હતું. આ કેમ્પસ ગાંધીનગરમાં ગિફ્ટ સિટી રોડ પર ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી નજીક ૨૨ એકર વિસ્તારમાં અંદાજિત રૂ.૧૫૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં નિર્માણ



પામશે. પીએમ મોદીએ કોઈપણ રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા ન હોય તેવા ૧ લાખ યુવાનોને રાજનીતિમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે. આ સંદર્ભમાં રાજકારણમાં પ્રવેશવાની ઈચ્છા ધરાવતા મહત્વાકાંક્ષી યુવાનોને તાલીમ આપવા તથા ભારતમાં શાસનના પ્રણાલીગત પડકારોનો સામનો કરીને નવી તકોના સર્જન માટે તેમને સશક્ત બનાવવાના હેતુથી રચાયેલી આ સંસ્થા SOULરાજકીય, સામાજિક અને જાહેર નીતિ - એમ મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં નેતૃત્વ વિકાસ માટે સમર્પિત છે.

ગાંધીનગરમાં SOULના કેમ્પસનું બાંધકામ પૂર્ણ થયા પછી માર્ચ-૨૦૨૭થી અહીં ઔપચારિક કાર્યક્રમો શરૂ કરવામાં આવશે. તેમાં ૧ થી ૩ મહિનાના મધ્યમ ગાળા તેમજ ૯ થી ૧૨ મહિનાના લાંબાગાળાના અભ્યાસ કાર્યક્રમો કાર્યરત થશે. કેમ્પસ સંપૂર્ણ તૈયાર થાય ત્યાં સુધી એક અઠવાડિયાના ટૂંકા ગાળાના કાર્યક્રમો અને સેમિનાર્સનું આયોજન કરાશે.

SOUL ખાનગી ક્ષેત્રના પ્રતિષ્ઠિત વ્યક્તિ સમૂહો દ્વારા સ્થાપવામાં આવેલી એક સ્વતંત્ર અને બિન-પક્ષપાતી સંસ્થા છે. તેમજ સરકારી એજન્સીઓ કે યુનિવર્સિટીઓ સાથે કોઈ જોડાણ ધરાવતી નથી. લીડરશીપ ડેવલોપમેન્ટ અને વેલ્યુએડિસન પર ફોકસ કરતા નોન ડીગ્રી કાર્યક્રમો જદગ્અકમાં ભણાવવામાં આવશે.

# માર્કેટ યાર્ડની વધુ ત્રણ પેઢીમાંથી ખાદ્ય તેલના નમુના લેવાયા

### મવડીની પેઢીમાંથી પણ સેમ્પલ લેવાયુઃ ગાંધીગ્રામના એસ.કે. ચોકની ૨૨ દુકાનોમાં ફૂડ વિભાગની ચકાસણી



રાજકોટ, તા. ૧૪

મહાપાલિકાની ફૂડ શાખા દ્વારા ખાદ્ય તેલના નમુના લેવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. જુના માર્કેટ યાર્ડની ત્રણ પેઢી સહિત ચાર જગ્યાએથી તેલના નમુના લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આરટીઓ પાસે જુના યાર્ડમાં આવેલી પેઢી બંસીધર ટ્રેડીંગમાંથી જયશ્રી રીફાઇન્ડ કપાસીયા તેલ, માધવ ટ્રેડીંગમાંથી સરકાર રીફાઇન્ડ કપાસીયા તેલ, મજીઠીયા ટ્રેડર્સમાંથી ડોલર રીફાઇન્ડ સનફ્લાવર તેલના સેમ્પલ લેવાયા હતા. આ ઉપરાંત ફૂડ શાખાએ મવડી મેઇન રોડના ઉદ્યોગનગર-રમાં આવેલા બાલમુકુંદ કિરાણા ભંડારમાંથી પણ ગુલાબ સીંગતેલનું સેમ્પલ લઇને પરીક્ષણમાં મોકલેલ છે. રાજકોટમાં બ્રાન્ડેડ પેકડ ખાદ્ય તેલની ગુણવતા ચકાસવા આ કામગીરી સતત ચાલી રહી છે.

દરમ્યાન ફૂડ વિભાગની ટીમે સેફટી વાન સાથે શહેરના એસ. કે. ચોક, ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થીઓને ત્યાં ૨૦ સેમ્પલની ચકાસણી કરી હતી. જે પૈકી ૧૦ આસામીને લાયસન્સ લેવા સૂચના આપવામાં આવી છે. જેઓને લાયસન્સ માટે તાકીદ કરાઇ તેમાં (૧)ખોડિયાર કોલ્ડ્રિંક્સ (૨) શ્રી નકલંક ડેરી ફામ (૩) રાજશક્તિ સોડા શોપ (૪) સૂર્યોદય પ્રોવિઝન સ્ટૅાર (૫) શીવ ચીકી (૬)પ્રિન્સ અમુલ પાર્લર (૭)બંસીધર પ્રોવિઝન સ્ટોર્સ (૮) મારુતિ કીરાણા ભંડાર (૯)મંત્ર સોડા શોપ (૧૦)અનમોલ પ્રોવિઝન સ્ટોરનો સમાવેશ થાય છે.આ ઉપરાંત ફરસાણ (૧૬)શિવમ પ્રોવિઝન સ્ટૅાર (૨૧)પ્રિન્સ મેડિકર (૨૨)મુરલીધર પ્રોવિઝન સ્ટોર્સમાં પણ તપાસ કરવામાં આવી હતી.

# ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ દ્વિ-સાપ્તાહિક ટ્રેનને લીલીઝંડી મંત્રીએ પ્રસ્થાન કરાવ્યું

### ટ્રેન દર ગુરૂવારે ભાવનગરથી અને શનિવારે હરિદ્વારથી ઉપડશે મુસાફરોમાં આનંદ




રાજકોટ,તા.૧૪

ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેનનો શુભારંભ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો. ભારત સરકારના ઉપભોક્તા કાર્ય, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણીયા, ધારાસભ્ય ભાવનગર (પૂર્વ) શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા તથા મેયર ભાવનગર મહાનગર પાલિકા ભરતભાઈ એમ. બારડની ઉપસ્થિતીમાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ (ગુરુવાર) ના રોજ ભાવનગર-હરિદ્વાર-ભાવનગર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન (૧૯૨૭૧/૧૯૨૭૨) નો શુભારંભ કરવામાં આવ્યો.

ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ શ્રી માશૂક અહમદના જણાવ્યા મુજબ ટ્રેન નં. ૧૯૨૭૧ ભાવનગર - હરિદ્વાર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દર ગુરૂવારે ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી રાત્રે ૨૦.૨૦ કલાકે ઉપડશે અને શનિવારે પ્રાત ૦૩.૪૦ કલાકે હરિદ્વાર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૯૨૭૨ હરિદ્વાર - ભાવનગર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દર શનિવારે પ્રાત ૦૫.૦૦ કલાકે હરિદ્વારથી ઉપડશે અને રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ પ્રસંગે ભાવનગર પરા રેલવે સ્ટેશન પર ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ, રેલ્વે મુસાફરો, સામાન્ય જનતા, મીડિયા પ્રતિનિધિયો અને રેલ્વે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રેનની ફ્રિકવન્સીમાં વધારાને લઈને સામાન્ય લોકો અને રેલવે મુસાફરોમાં અનેરો સંતોષ અને ખુશી જોવા મળી હતી.

# નર્સિંગ પરીક્ષા મુદ્દે ઉભી થયેલી આશંકાઓ પર આરોગ્ય મંત્રીનું આશ્વાસન - છાત્રોનું હિત જોવાશે

### પરીક્ષાની આન્સર કીમાં જવાબો એબીસીડી પ્રમાણે ગોઠવાયેલા હોવાથી સવાલોઃ ઉઠયા હતાઃ પેપર ફૂટયુ હોય તેવુ હાલ સામે નથી આવ્યુંઃ જીટીયું



ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં છાશવારે પરીક્ષાના પેપર ફૂટવાથી લઈને પરીક્ષામાં થતાં ગોટાળાને લઈને પ્રશ્ન થતાં રહે છે. ત્યારે હવે ફરીથી નર્સિંગની પરીક્ષામાં પણ ગોટાળો સામે આવ્યો છે, જેને લઈને રાજ્યભરમાં વિવાદ થઈ રહ્યો છે.

નર્સિંગ પરીક્ષાની આન્સર કીમાં એબીસીડી પ્રમાણે જવાબ ગોઠવાયા હતાં. લોકોનો આરોપ છે કે, ચોક્કસ લોકોને ફાયદો પહોંચાડવા માટે આ પ્રકારનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરિણામે ગુજરાત ટેક્નિકલ યુનિર્સિટી અને રાજ્ય આરોગ્ય વિભાગ શંકાના ઘેરામાં મૂકાયું છે. આ દરમિયાન જીટીયુએ આ સમગ્ર મામલે રાજ્ય આરોગ્ય વિભાગને એક રિપોર્ટ સુપરત કર્યો છે. આ મુદ્દે ગુરૂવારે આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની વાત કરવામાં આવી છે.

નર્સિંગ પરીક્ષામાં છબરડાને લઈને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બેઠક બોલાવવામાં આવી હતી. લગભગ રથી ૩ કલાક આ બેઠક ચાલી હતી, જેમાં સમગ્ર મુદ્દે ના રજિસ્ટ્રાર અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી.

આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં તૃપ્તિ દેસાઈ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ આ બેઠકમાં હાજર રહ્યાં હતાં. હાલ આ બેઠક પૂર્ણ થઈ ચુકી છે અને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાશે તેવી વાત કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓને અપાયું આશ્વાસન સમગ્ર મુદ્દે આરોગ્ય કમિશનરે જણાવ્યું કે, ના વાઈસ ચાન્સલર્સ અને અમે તમામ બાબતોને ધ્યાનમાં લઈને બ્રિફિંગ કરવામાં આવ્યું છે. આગળ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સરકાર સક્ષમતા પૂર્વક નિર્ણય લેશે. આ સિવાય વિદ્યાર્થીઓને આશ્વાસન આપવામાં આવ્યું કે, નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં જ લેવાશે.

૧૯૦૩ સ્ટાફ નર્સની જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ત્યારે સ્ટાફ નર્સની પરીક્ષા સામે સવાલો ઉઠ્યાં છે. આરોગ્ય વિભાગે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીને પરીક્ષાની જવાબદારી સોંપી હતી.

પરંતુ, અલગ-અલગ પ્રકારના પેપરના જવાબમાં આન્સર-કી માં એબીસીડી ક્રમમાં સાચા જવાબ લખાયા હતાં. જેથી પરીક્ષામાં કૌભાંડની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. સરકાર દ્વારા એનાલીસિસ કરવામાં આવી રહ્યું છે કે, પેપર ફૂટ્યું હોય તેવું અત્યારે સામે આવ્યું નથી પરંતુ તપાસ કરી રહ્યા છીએ. જે ભૂલ કરી તે અધ્યાપક દ્વારા થઈ છે. જે સરકારી અધ્યાપક હશે તેના કાર્યવાહી કરવામાં આવશે.

# રાજકોટમાં કાળચક્ર ફરી વળ્યું એક જ દિવસમાં સાત મહિલા સહિત ૧૭ લોકોના મોતથી અરેરાટી

## એટેક, અકસ્માત, આપઘાત, બિમારી સહિતના કારણોથી એક જ દિવસમાં ૧૭ લોકોએ સીવીલ હોસ્પિટલમાં દમ તોડતાં કાલીમાં છ્વાઈ

રાજકોટ. તા.૧૪

રાજકોટમાં કાળ ચક્ર ફરી વળ્યું હોય તેમ એક જ દિવસમાં સાત મહિલા સહિત ૧૭ લોકોના મોતથી અરેરાટી વ્યાપી ગઈ હતી. એટેક, અકસ્માત, આપઘાત, બીમારી સાહિતના કારણોથી એક જ દિવસમાં ૧૭ લોકોએ સીવીલ હોસ્પિટલમાં દમ તોડતાં કાલીમાં છ્વાઈ હતી અને સીવીલ હોસ્પિટલમાં પીએમ રૂમ પર મૃતદેહોની લાઈનો લાગતા હાજર પરિવારજનોનું હૈયાફાટ રૂદન જોવા મળ્યું હતી.પ્રથમ બનાવમાં રાજકોટમાં કોઠારીયા રોડ પર તિરૂપતિ સોસાયટી શેરી નં.૫/૧૦ ના ખૂણે રહેતાં દયાબેન આશિષભાઈ સોલંકી (ઉ.વ.૩૬) ગર્ભવતી હોય અને ગઈકાલે સાંજના સમયે તેને પ્રસુતિનો દુખાવો ઉપડતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.ત્યારે પ્રસૃતિના અસહ્ય દુખવાના કારણે તે બેભાન થઈ જતાં ફરજ પરના



તબીબોએ તેને તપાસી મૃત જાહેર કરી હતી. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છ્વાયો હતો.

બીજા બનાવમાં વેલનાથપરામાં લોકમાન્ય તિલક ટાઉનશીપમાં રહેતાં હરદેવભાઇ પરમાર (ઉ.વ.૩૫) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે કોઈ કારણોસર ટાઉનશીપના સાતમા માળેથી નીચે ઝંપલાવી દેતા શરીરે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને ક્યાં કારણોસર તેને પગલું ભર્યું તે અંગે તપાસ આદરી હતી.

ત્રીજા બનાવમાં પારેવડી ચોક ઈન્ઝી બેકરી પાસે ગંગેશ્વરમાં રહેતાં નઈમ હુસેનભાઈ (ઉ.વ.૨૪) ગઈકાલે સાંજે પોતાના ઘરે હતાં ત્યારે કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ આદર્યો હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છ્વાયો હતો.

ચોથા બનાવમાં ૧૫૦ ફૂટરિંગ લક્ષ્મી છાયા સોસાયટીમાં રહેતાં સુરેશભાઈ મગનભાઈ વાળા (ઉ.વ.૪૫) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેમને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બનાવ અંગે પોલીસે દોડી જઈ કાર્યવાહી કરી હતી. મૃતકને પિત્તાશયની બીમારી હોવાનું સામે આવ્યું છે અને સંતાનમાં બે પુત્રો છે.

પાંચમા બનાવમાં જય ખોડિયાર સોસાયટી પ્લોટ નં.૯૦ માં રહેતાં શોભનાબેન કિશોરભાઈ પરમાર (ઉ.વ.૫૮) ગઈ તા.૧૧ ના તેમના પતિ સાથે બાઈકમાં બેસી જતાં હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોવર્ધન ચોક પાસે અજાણ્યાં બાઈલ ચાલકે ટક્કર મારતાં તેઓ નીચે પટકાયા હતા અને માથામાં ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતી. બનાવ અંગે પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરીવારમાં શોક છ્વાયો હતો. છઠા બનાવમાં રાજસ્થાનના બાડમેરમાં રહેતાં રૂખારામ ભીખારામ બેનિવાલ (ઉ.વ.૪૫) ટ્રક લઈ ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ગોંડલ હાઈવે પર કિશાન પેટ્રોલપંપ પાસે આવેલ હતા અને બાદમાં તેઓ ઈજાગ્રસ્ત હાલતમાં મળતાં તેમને ૧૦૮ મારફત સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.


# જી-સફલ યોજના અંતર્ગત અંત્યોદય પરિવારની ૫૦.૦૦૦ મહિલાઓ હવે પરિવારનું કરશે ઉત્થાન

### ૧૦–જિલ્લામાં ૨૫–તાલુકાનાં અંત્યોદય અન્ય યોજના કાર્ડ ધારકોને મળશે અનુદાન

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે અંત્યોદય પરિવારની આજીવિકામાં વધારો કરીને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી જી-સફલ (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઈવલીહુડ્સ -અંત્યોદય પરિવારોની આજીવિકા વધારવા માટે ગુજરાતની યોજના) આ વર્ષે જાહેર કરી છે જે આગામી પાંચ વર્ષના સમયગાળામાં રાજ્યના ૧૦ જિલ્લા અંતર્ગત ૨૫ તાલુકાના ૫૦ હજાર અંત્યોદય અન્ન યોજના (એએવાય) કાર્ડ ધારક પરિવારોને લાભ પહોંચાડશે. આ યોજનાનું અમલીકરણ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં અંત્યોદય પરિવારોને આજીવિકા, નાણાકીય સમાવેશ અને સામાજિક વિકાસ માટે સહયોગ પૂરો પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં આર્થિક સહાયની સાથે કૌશલ્ય તાલીમ અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે જેથી પરિવારોને અત્યંત ગરીબીમાંથી બહાર લાવી શકાય.

આ યોજના દ્વારા અંત્યોદય પરિવારને ટકાઉ આજીવિકા મળે તે હેતુસર તેમના માટે વધારાના આવકના સ્ત્રોત ઊભા કરવામાં આવશે. તેમને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે. આજીવિકાના નવા સ્ત્રોત બનાવવા માટે તેમને ૮૦ હજારનું અનુદાન આપવામાં આવશે.આ યોજનાના અમલીકરણ માટે પાત્રતા ધરાવતા કાર્ડધારકોમાં સૌથી ગરીબ




પરિવારોની ઓળખ કરવામાં આવશે. મોટાભાગે આ પ્રકારના પરિવારોમાં કોઈ ચોક્કસ આવકનો સ્ત્રોત ન હોવાથી તેમના માટે વધારાની આવક ઊભી કરવા માટે નવા સ્ત્રોતનું નિર્માણ કરવામાં આવશે જેથી તેમની આવક ટકાઉ બને. તેના માટે તેમને અનુદાન આપવામાં આવશે તેમજ નવી આવકને ટકાવી રાખવા માટે યોગ્ય તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.

તમામ લાભાર્થી પરિવારોમાં ઓછામાં ઓછા આવકના બે સ્ત્રોત હોય તે સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. આવકના સ્ત્રોતનું નિર્માણ બજારમાં રહેલી તકો, પ્રવર્તમાન કૌશલ્ય અને લાભાર્થી પરિવારને લાગુ પડતી અન્ય બાબતો પર નિર્ભર રહેશે. લાભાર્થીઓને યોગ્ય તાલીમની સાથે બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે જોડવાની કામગીરી પણ કરવામાં આવશે. આ પરિવારોને માર્ગદર્શન આપવા માટે ફિલ્ડ કોચની નિમણૂક કરવામાં આવી છે. રાજ્યના જે જિલ્લા અને તાલુકામાં આ યોજના લાગુ કરવામાં આવી છે તે આ પ્રમાણે છે બનાસકાંઠા (તાલુકો-થરાદ), પાટણ (સાંતલપુર), કચ્છ (રાપર, લખપત), સુરેન્દ્રનગર (સાયલા), છોટાઉદેપુર (કવાંટ, નસવાડી), પંચમહાલ (ઘોઘંબા), દાહોદ (ગરબાડા, ધાનપુર, સિંઘવડ, દેવગઢબારીયા, ફતેપુરા, ઝાલોદ, દાહોદ, લીમખેડા, સંજેલી), નર્મદા (નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા, તિલકવાડા, ડેડીયાપાડા) તાપી (કુકરમુંડા ,નિઝર) અને ડાંગ (સુબીર)નો સમાવેશ થાય છે.

### વોર્ડ નં.૧ના રૈયાધાર રોડ પર શાંતિનગરમાં પેવર કામ શરૂ



રાજકોટઃ વોર્ડ નં.૧માં રૂ.૬૫.૧૦ લાખના ખર્ચે શાંતિ નગર, પાણીના ટાંકા સામે, રૈયાધારમાં પેવર રોડ કરવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ડો.દર્શિતા શાહ અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, પ્રભારી કાથડભાઈ ડાંગર, જયરાજસિંહ જાડેજા, ગૌરવભાઈ મહેતા, રામદેવભાઈ આહિર, જયદિપસિંહ, સેજલબેન ચૌધરી વગેરે હાજર રહ્યા હતા. આ પેવર રોડનો લાભ ૫૦૦ પરિવારોને મળશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

### ખેલ મહાકુંભ-૩.૦

# સૌરાષ્ટ્ર ઝોન હોકી ફાઈનલમા રાજકોટે અમરેલીને ૭ ગોલથી હરાવ્યું

## ફાઈનલની બંને ટીમ રાજ્યસ્તરે રમશે



રાજકોટઃ ખેલ મહાકુંભ ૩.૦ સમગ્ર ગુજરાતમાં રેકોર્ડ બ્રેક રજીસ્ટ્રેશન સાથે મોટી સંખ્યામાં ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે ત્યારે રાજકોટ રેસકોર્સ આર.એમ.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સિનીયર ભાઈઓ માટેની સૌરાષ્ટ્ર ઝોન હોકી ફાઈનલ સ્પર્ધામાં રાજકોટ શહેર ટીમે અમરેલી ટીમને હરાવી હતી.

ગુજરાત સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હેઠળ સંચાલિત રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા આયોજીત સૌરાષ્ટ્ર ઝોન ખેલ મહાકુંભ ૩.૦માં સિનીયર ભાઈઓની સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. જેમા બન્ને ટીમના રમતવીરોમાં ઉત્સાહ અને રસાકસી જોવા મળતા સ્પર્ધા જોવા મળ્યા હતા. ૧૫ મિનિટના કુલ ચાર રાઉન્ડના અંતે રાજકોટ શહેર ટીમે ૭ ગોલના માર્જિનથી અમરેલી ટીમને હરાવી હતી. અમરેલી ટીમે ૨ ગોલ સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ફાઈનલમાં પહોંચેલી આ બંને ટીમ આગામી સમયમા યોજાનાર રાજ્ય સ્તરે યોજાનાર હોકી સ્પર્ધામાં ભાગ લેશે.

સ્પર્ધામાં જિલ્લા રમત ગમત અધિકારી શ્રી વી. પી. જાડેજા, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી રમા મદ્રા, હોકી રાજકોટના શ્રી મહેશભાઈ દિવેચા સહિત શહેરીજનો અને રમત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના સ્થળ પર મેડિકલ ટીમ તેમજ ટેકનિકલ ફિઝિયો ડૉ. મહેન્દ્ર વર્મા સહિત હાજર રહી કોઈ સ્પર્ધકને ઈજા પહોંચે તો સારવાર માટે ઉપસ્થિત રહ્યા હતા.

## જસદણ નગરપાલિકાની ચૂંટણી અંગે પોલીસ આરએએફના જવાનોનું ફૂટ પેટ્રોલીંગ



અહેવાલ : હુસામુદ્દીન કપાસી-જસદણ

જસદણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી આગામી તા.૧૬ ફેબ્રુઆરીને રવિવારના રોજ યોજાય રહી છે ત્યારે ૪૪ બુથ પૈકી ૧૪ બુથ સંવેદનશીલ હોય ત્યારે શહેરના જુદાં જુદાં વિસ્તારોમાં આજે પોલીસ અને આર એ એફના જવાનોનું ફૂટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું.

# ધોરાજીના ૩ કાર્યકર્તાઓને સસ્પેન્ડ કરતા ખળભળાટ

## ■ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર સામે ભાજપની લાલ આંખ

ધોરાજી, તા. ૧૫ઃ રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર ૩ કાર્યકર્તાઓને ભાજપમાંથી સસ્પેન્ડ કરાયા છે.

પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ ધોરાજીના ૩ સભ્યોને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સોનલબેન શૈલેષભાઈ બાલધાએ કોંગ્રેસમાં ઉમેદવારી કરતા, પરેશભાઈ જયસુખભાઈ પંડ્યા, અપક્ષ માંથી ઉમેદવારી કરતા, જયેશ રવજીભાઈ વઘાસિયા, પક્ષ વિરોધી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા

જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા દ્વારા કરાયા સસ્પેન્ડ.

## ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે રશિયન વેપારીઓ મગફળી ખરીદી માટે પહોંચ્યા



સૌરાષ્ટ્રનુ અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડની દેશ વિદેશના વેપારીઓ ખરીદી માટે આવતા હોય છે ત્યારે રશિયન વેપારીઓ મગફળી ખરીદી માટે પહોંચ્યા હતા. રશિયા ની સૌથી મોટી કંપની અવંતા સ્નેક્સ ચોકલેટની ટીમે યાર્ડની મુલાકાત કરી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ યાર્ડની મુલાકાત કરાવીને યાર્ડ દ્વારા ખેડૂતો આપવામાં આવતી સુવિધાઓ, યાર્ડની વ્યવસ્થા વગેર વિશે સમજ આપવામાં આવી હતી. આ તકે યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા, વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## પંકજ આર. દોંગા સાહેબની નોટરી - એડવોકેટ તરીકે નિમણુંક



ભારત સરકાર દ્વારા તાજેતરમાં વકીલોની નોટરી તરીકેની નિમણુંક આપવામાં આવી છે. ત્યારે રાજકોટનાં ખ્યાતનામ યુવા એડવોકેટ અને રાજકોટ બાર એસોસીએશનમાં હાલ ખજાનચી તરીકે બહુમતીથી વિજેતા બનેલા તેમજ ભાજપ લીગલ સેલનાં વિધાનસભા - ૭૦ માં ઈન્ચાર્જ તરીકે સેવા બજાવતા પંકજ આર. દોંગા સાહેબની નોટરી એડવોકેટ તરીકે નિમણુંક થયેલ છે. પંકજભાઈ આર. દોંગા સાહેબ રેવન્યુ અને ફોજદારી ક્ષેત્રે પ્રેકટીસ કરે છે. પંકજભાઈ આર. દોંગા સાહેબ નોટરી એડવોકેટ તરીકે નિમણુંક પામતાં સીનીયર જુનિયર વકીલો અને સબંધી મિત્રો તેમના મો. ૯૪૨૬૨ ૪૭૪૮૦ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## એડવોકેટ યોગેશ પી. ચૌહાણની નોટરી મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂંક



વકીલાત ક્ષેત્રે સંકળાયેલા એડવોકેટ યોગેશ પી. ચૌહાણને ભારત સરકાર તરફથી નોટરી મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે જે બદલ તેના મિત્રો, કુટુંબી જનો તથા સ્નેહીજનો તેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી રહયા છે.

# ધોરાજી નગરપાલિકાની નવ વોર્ડની ચૂંટણીમાં ૧૧૦ ઉમેદવારો મેદાનમાં ચૂંટણી અધિકારીએ પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી

## મતદાન મથક ઉપર મોબાઈલ લઈ જવાનો પ્રતિબંધ તેમજ રીલ બનાવીને વાયરલ કરનાર સામે ગુનો દાખલ કરવામાં આવશેઃ ડેપ્યુટી કલેક્ટર

■ ૮૫ મતદાન મથકોમાંથી ૫૪ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરતા ડેપ્યુટી કલેક્ટર

ધોરાજી, તા. ૧૫ઃ રાજકોટ જિલ્લામાં પાંચ નગરપાલિકાની ચૂંટણીની કાર્યવાહી રાજકોટ જિલ્લા કલેકટર ના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે ત્યારે ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર અને ચૂંટણી અધિકારી નાગાજણ તરખલા તેમજ મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર રાજેન્દ્ર પંચાલ તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર રવિ ગોધમ દ્વારા ધોરાજી ડેપ્યુટી કલેક્ટર કચેરી ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી

પ્રેસ કોન્ફરન્સમાં ડેપ્યુટી કલેક્ટર નાગાજણ તરખલા એ ધોરાજી નગરપાલિકાની ચૂંટણી વિશે માહિતી આપતા જણાવેલ કે ધોરાજીમાં કુલ ૯ વોર્ડ આવેલા છે જેમાં અલગ અલગ પાર્ટીના તેમજ અપક્ષો મળીને કુલ ૧૧૦ ઉમેદવારો લડી રહ્યા છે

શુક્રવારે સાંજે પાંચ કલાકે ચૂંટણી પ્રચારના પડઘમો બંધ થઈ ગયા છે અને ધોરાજી નગરપાલિકામાં કુલ ૬૮,૩૫૬ મતદારો છે જેમાંથી ૩૪,૮૮૮ પુરુષો મતદારો છે તેમજ ૩૩,૪૬૭ મહિલા મતદારો છે અને એક મતદાર કિન્નરમાં છે

નગરપાલિકાના કુલ નવ વોર્ડમાં ચૂંટણી યોજવાની છે જેમાંથી કુલ ૮૫ મતદાન મથકો આવેલા છે જેમાં ૪૨ બિલ્ડીંગ નો ઉપયોગ કરવામાં આવેલો છે કુલ ૮૫ મતદાન મથકો માંથી ૫૪ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે જે ૨૦ બિલ્ડિંગમાં આવેલા છે



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી નગરપાલિકાના કુલ નવ વોર્ડમાં નવ જોનલ અધિકારી મુકવામાં આવ્યા છે અને ૮૦૦ થી વધારે સ્ટાફને ચૂંટણીલક્ષી કામગીરી સોંપવામાં આવી છે

ચૂંટણીની તમામ કાર્યવાહી સ્ટેશન રોડ ખાતે આવેલ નવી ભગવસિંહજી હાઈસ્કુલ ખાતે કંટ્રોલરૂમ ખડો કરવામાં આવ્યો છે અને ચૂંટણીલક્ષી કોઈપણ ફરિયાદ હોય પોલીસની પેટ્રોલીંગની સંવેદનશીલ મથકોની માણસોની ભીડ તેમજ ગેરકાયદેસર મતદાન થતું હોય અથવા તો ઈવીએમ મશીન ખરાબ થઈ ગયું હોય આવી કોઈ પણ જાતની ફરિયાદ હોય તો નવી ભગવતસિંહજી હાઈસ્કુલ ખાતે કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવ્યો છે જેના ફોન નંબર છે ૦૨૮૨૪ ૨૯૯૨૬૪ આ નંબર ઉપરથી ફોન કરવામાં આવશે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે

તેમજ ૧૬ સર્વિસ હોટ છે તેમને ડિસ્પેચ કરી દીધા છે અને ૧૨૮ જેટલા પોસ્ટલ ઓર્ડર છે ટોટલ કુલ મળીને ૧૪૪ સર્વિસ અને પોસ્ટલ ઓર્ડર થવાના છે જે બાબતે લોકશાહી ઢબે કાર્યવાહી હાથ ધરી છે. દરેક મતદારોએ કુલ ચાર મત આપવાનો અધિકાર છે પછી મતદારે એક અથવા બે અથવા ત્રણ અથવા ચાર મત આપી શકે છે અને મત આપ્યા બાદ એટલે કે વાદળી બટન દબાવ્યા બાદ પીળા કલરનું બટન ફરજિયાત દબાવવાનો થશે તો જ ઉમેદવારને મત મળશે.

મતદાન સમયે કોઈપણ મતદાર મતદાન મથકમાં મોબાઈલ લઈ જઈ શકશે નહીં કારણ કે તે પ્રતિબંધ ફરમાવેલો છે તેમજ કોઈપણ વ્યક્તિ મતદાન આપતા હોય તેવો વિડીયો રીલ બનાવીને જો વાયરલ કરશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

મતદાન સમય રવિવારે સવારે સાત વાગ્યાથી રવિવારે સાંજે છ વાગ્યા સુધી નો રહેશે મત ગણતરી તારીખ ૧૮ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે નવી ભગવતસિંહજી હાઈસ્કુલ ખાતે કરવામાં આવશે. આ બાબતે ધોરાજી મામલતદાર રાજેન્દ્ર પંચાલ એ માહિતી આપતા જણાવેલ કે ધોરાજી નગરપાલિકાની ચૂંટણીની તમામ કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલ છે ઈવીએમ મશીન ચેક કરવામાં આવ્યા હતા.

તમામ સ્ટાફને ચૂંટણીની તાલીમ આપવામાં આવી છે અને તમામ કર્મચારીઓ કામે લાગી ગયા છે આ બાબતે સંપૂર્ણ તૈયારી અને આખરી ઓપ આપવામાં આવ્યો છે તેમ મામલતદાર એ જણાવ્યું હતું

# પેટ્રોલપંપ કર્મી પર બેઝબોલ-હથોડીના ઘા ઝીંકી લૂંટના બનાવમાં ૬૩ કલાકે ગુનો નોંધાયો'તો

રાજકોટ. તા.૧૪

પોલીસની ગંભીર બેદરકારી, લૂંટ જેવા ગુનાને પ્રોત્સાહન મળતું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.ગઈ તા.૦૫ ની વ્હેલી સવારે ત્રાટકેલા બુકનીધારી ગેંગે ઓરડીમાં સુતેલા કર્મીને બહારથી દરવાજે તાળું મારી પુરી દિધા બાદ ઓફિસમાં સુતેલા કર્મી પર બેઝબોલ-હથોડીના ઘા ઝીંકી હુમલો કરી લૂંટ ચલાવી નાસી છૂટવાના બનાવમાં છેક ૬૩ કલાકે ગુનો નોંધાયો હોવાનું સામે આવ્યું હતું.

જો કે, ચાર દિવસ બાદ ક્રાઈમ બ્રાન્ચની બાહોશ ટીમને જાણ થતાં તપાસ હાથમાં લઈ ગણતરીના દિવસોમાં સગીર સહિત ત્રણ આરોપીને દબોચી લઈ સરભરા કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. બનાવ અંગે વાવડીગામ શેરી નં.૬, પુનીતનગર પાણીના ટાંકા સામે રહેતાં મયુરધ્વજસિંહ ઉર્ફે મીતરાજસિંહ જાડેજા (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ વાવડી ગામ ૮૦ ફુટ રોડ તપન હાઈટ્સની સામે વાવડી ફ્યુલ્સ નામેથી પેટ્રોલપંપ છેલ્લા એકાદ વર્ષથી ચલાવેછે. ગઈ તા. ૦૫ ના સવારના આસરે ત્રણેક વાગ્યે તે પોતાના ઘરે હતાં ત્યારે પંપ ખાતે નોકરી કરતા વિષ્ણુ ગોસ્વામીનો ફોન આવેલ કે, હું આપણી ઓફિસમા સુતો હતો ત્યારે પમ્પે કોઈ અજાણ્યા લોકોએ આવીને માર મારી અને ટેબલના ખાનામાં રાખેલ રૂપિયા લઈ ગયેલ છે અને મને ઈજા થયેલ છે. જેથી તેઓ તુરંત જ પંપ પર દોડી આવેલ અને ત્યા આવી જોતા વિષ્ણુ હાજર હોય અને તેને આંખ પાસે તથા ઉપર ઈજા થયેલ અને લોહી નીકળેલ હોય જેથી તેને બનાવ બાબતે પુછતા વાત કરેલ કે, હું આપણી ઓફીસમા એકલો સુતો હતો.

તે દરમ્યાન કોઈ વ્યક્તિઓએ મને ઓફિસમા જ માર મારતા હુ અર્ધ બેભાન જેવો થઈ ગયેલ હતો.

# જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે મતગણતરી સેન્ટરની તૈયારીઓને અપાતો આખરી ઓપ

■ **જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલકુમાર રાણાવસિયા, ઇન્ચાર્જ એસપી શ્રી ભગીરથસિંહ જાડેજા સહિતના અધિકારીઓએ સેન્ટરની લીધી મુલાકાત**




જૂનાગઢ, તા. ૧૫ઃ જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી તા.૧૬ ફેબ્રુઆરીના રોજ છે. મતદાન બાદ મતગણતરી તા.૧૮ ફેબ્રુઆરીના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની એન્જિનિયરિંગ કોલેજ બિલ્ડિંગમાં થવાની છે.

રાજય ચૂંટણી આયોગના માર્ગદર્શનમાં અને ચૂંટણીની વિવિધ જોગવાઇઓની અમલવારી સાથે નિયમ અનુસાર મતગણતરી ની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે થાય તે માટે જુનાગઢ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી રાઉન્ડ ધ કલોક કામગીરી ચાલી રહી છે. જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલ કુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મત ગણતરીની કામગીરીની અંગેની તૈયારીઓને પણ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તા.૧૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ઃ૦૦ કલાકે થી મત ગણતરી થશે સૌપ્રથમ પોસ્ટલ બેલેટ પેપર અને સાથે ઈવીએમના મતોની ગણતરી નિયુક્ત સ્ટાફ દ્વારા કરવામાં આવશે .એક ટેબલ ઉપર ચાર કર્મચારી રહેશે. મતગણતરી સેન્ટર પર પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો, સ્ટ્રોંગરૂમ અને કાઉન્ટિંગ રૂમ સુધીની અવર-જવર તેમજ જરૂરી દેખરેખ મોનિટરિંગ અને બંદોબસ્ત, મિડિયા રૂમ સહિત તમામ મુદ્દા પર આજે કલેક્ટર શ્રી અનિલ કુમાર રાણાવસિયા ના અધ્યક્ષ સ્થાને સમીક્ષા કરવામાં આવી હતી અને મતગણતરી સ્થળની મુલાકાત પણ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ લીધી હતી. આ વેળાએ ઇન્ચાર્જ એસપી શ્રી ભગીરથસિંહ જાડેજા અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને અધિક કલેક્ટર શ્રી એન. એફ.ચૌધરી અને જૂનાગઢ મહાનગરપાલિકાના વિવિધ વોર્ડના જૂથ પ્રમાણે ચાર ચૂંટણી અધિકારી (આર.ઓ) ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકામાં ૨૨ વર્ષથી ચાલતી ધતિંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા દ્વારકામાં ભુઈ-ભુવાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

■ **ધનબાઈ માતાજીનું બાનુ પહેરાવી નવી ભુઈ બનાવી ધૂણવાની તાલીમ આપતી હતી**




અમદાવાદ, તા. ૧૫ઃ દ્વારકા બસ સ્ટેશનની સામે, એકતા ગરબી ચોકમાં ઘરમાં માતાજીનું સ્થાનક બનાવી ૨૨ વર્ષથી દોરા-ધાગા, ભસ્મ-દાણા આપવા, ધૂણવાની તાલીમ આપતી ભુઈ ધનબાઈ, ભુવા ગોરધનભાઈ લુનાવીયાની ધતિંગલીલા ભાર જન વિજ્ઞાન જાથાની ટીમે દ્વારકા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો. રાજકોટ ભક્તિનગર સોસાયટીમાં રહેતા પલાણ પરિવારે ૧૮ લાખ રૂપિયા આપી ભુઈને મંદિર સાથે ઘર રીપેરીંગ કરી દીધાનું બહાર આવ્યું હતું. ભુઈ-ભુવાની પાખંડલીલા બંધ કરાવતા સમગ્ર શહેરે રાજીપો વ્યક્ત કર્યો હતો.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ખરાઈ કરવા બે મહિલા સહિત પરિવારે મોકલતા ધનબાઈ ભુઈમાએ સમસ્યાના ઉકેલ માટે બાળકો જમાડવા, માંડવા કરવાના ખર્ચ દસ થી વીસ હજાર આપ્યો હતો. ભુવા ગોરધનભાઈએ મેલીવિદ્યા દૂર કરવા લોઢાની સાંકળ ઉપાડી પ્રયોગ શરૂ કરે તે પહેલા ડમી માણસોને વાત ફેરવવી પડી હતી. જાથાના માણસો સાંકળનો માર ખાવામાં માંડ માંડ બચ્યા હતા. પુરાવા મળી જતા પર્દાફાશનું નક્કી થયું હતું.

જાથાએ દ્વારકામાં ૨૨ વર્ષથી ધતિંગલીલા કાયમી સમાપ્ત કરતાં ગામમાં ખબર પડતાં ઠેર-ઠેર પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. ભુઈ-ભુવાની મદદે કોઈ ન આવવું સૂચક હતું. ભુઈનું માતાજીનું મંદિર રાજકોટ પલાણ પરિવારે આકર્ષક બનાવી દીધું હતું. તેની કદરમાં મહેમાનગતિનો લાભ મળ્યો હતો. જાથાએ ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુઈ-ભુવાના પર્દાફાશમાં પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. ભટ્ટ, પી.એસ.આઈ. એન. ડી. કલોતરા, મહિલા પી.એસ.આઈ. ચુડાસમા, પી.એસ.આઈ. જાડેજા, રાઈટર, પી.એસ.ઓ., સ્થળ ઉપર રાજદિપસિંહ હરિશચંદ્રસિંહ, ઋતુરાજસિંહ હરદેવસિંહ, મહિલા કોન્સ્ટે. ઉર્વિશાબેન મનજીભાઈએ મદદ કરી હતી. જાથાની ટીમના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, રમેશ પરમાર, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

# ભાડાનો વિવાદ ચગાવવા પાછળ કાવતરૂ : મેયરનો ઘટસ્ફોટ

## મહાકુંભમાં મારી પાછળ લોકો મોકલ્યા, કાર ઉપર કપડા સુકવવાના ફોટા પાડી મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવાનું કૃત્યઃ બે રૂપિયે કિલોમીટરના ભાડે કાર લઇ જવાનો કોઇ ઠરાવ નથી છતા આવી વાત આવી કયાંથી?

રાજકોટ, તા. ૧૫ઃ રાજકોટના મહિલા મેયર નયનાબેન પેઢડીયા મહાનગર પાલિકાની કાર લઇને મહાકુંભમાં સ્નાન કરવા જતા સર્જાયેલ વિવાદ હવે ભાજપના આંતરિક વિખવાદમાં પલટાઇ રહ્યો છે અને મેયરે આ વિવાદ ચગાવવા પાછળ કાવતરૂ ઘડવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરી સનસનાટી મચાવી દીધી છે.

મહાકુંભમાંથી સ્નાન કરીને આવ્યા બાદ મેયરે કારનુ કિલોમીટરના રૂ.૧૨ લેખે ભાડુ ચૂકવી દીધાનુ જણાવ્યુ હતુ. સાથોસાથ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કિલોમીટરે રૂ.૨ વસુલવાનો કોઇ પરિપત્ર છે જ નહીં, આ બાબત માત્ર મને બદનામ કરવા માટે જ ઉછાળવામાં આવી છે.

મીડિયા સાથેની વાતચીત દરમિયાન નયનાબેન પેઢરીયાએ પોતાને બદનામ કરવા કે, વિવાદ ઉભો કરવા પાછળ કોઇનુ નામ આપ્યુ ન હતુ પરંતુ પોતે આ બારામા પાર્ટીના હાઇકમાન્ડ સમક્ષ ફરિયાદ કરશે તેવુ જણાવીને પાર્ટીના જ નેતાઓ પાછળ પડયા હોવાનો સ્પષ્ટ નિર્દેશ આપી દીધો હતો.

મહાનગર પાલિકાની કાર લઇને કુંભમાં સ્નાન કરવા જવાની બાબતને મેયર નયનાબેન પેઢડીયાએ કાયદેસર ગણાવી હતી અને પોતે નિયમ મુજબ મ્યુનિ.કમિશનરની મંજુરી લઇને જ ગયા હોવા છતા આ વિવાદ ઉભો કરવા પાછળ તેમણે કાવત્રાની શંકા વ્યકત કરી હતી.બે રૂપિયે કિલોમીટરના ભાડાથી કોર્પોરેશનની કાર લઇ જવા બાબતે મેયર નયનાબેન પેઢડીયાએ સ્પષ્ટ જણાવ્યુ હતુ કે, બે રૂપિયે કિલોમીટરની કોઇ વાત જ નથીઃ ઠરાવમાં જે ભાવ નક્કી કર્યુ છે તે મુજબ મે ભાડુ પણ ભરી દીધુ છે.

જો કે, પ્રદેશમાં રજૂઆત બાબતે મેયરે વાત ગોળગોળ ફેરવી હતી અને જણાવ્યુ હતુ કે, પ્રદેશમાંથી મને પુછવામાઃ આવશે તો હું ચોક્કસ બધા જવાબો આપીશ અને રજૂઆત કરીશ

મેયર નયનાબેન પેઢડીયાએ કહ્યું કે, મને ઝછક ગેમઝોન બાદ બદનામ કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. કુંભ મેળામા સરકારી ગાડીનો ઉપયોગ અંગે પણ મારા પર સવાલો ઉઠાવ્યા છે. પરંતુ હું મંજુરી લઇને પછી જ



સરકારી ગાડી લઇને ગઇ હતી અને જેનો જે બિલ આવ્યું છે તે મેં ભરી પણ દીધુ છે.

આ સમગ્ર મામલે હું હાઈ કમાન્ડને રજૂઆત કરીશ નયનાબેને કહ્યું કે, પહું મહિલા મેયર છું છતાં એક સ્ત્રીની ગરીમા જાળવણી કરવામાં આવતી નથી, આ મામલા માટે કોઈનું નામ આપવું નથી પણ આવું ન કરવું જોઈએ. જ્યારે હું મહાકુંભમાં હતી ત્યારે મારી પાછળ કોઈએ લોકો મોકલ્યા હતા અને આ આખું કાવતરું ઘડવામાં આવ્યું છે. એક મહિલા સાથે આ પ્રકારનું વર્તન કરવું તે યોગ્ય નથી.

મેયર નયના બેન પેઢરિયાના મહાકુંભનો પ્રવાસ સમગ્ર મામલે ખુલાસો કર્યો છે કે, જ્યારે ગાડી ઉપર કપડા સુકાવ્યા નહોતા માત્ર ચુંદડી સુકાવી હતી. તેમણે કહ્યું કે, હું મારા પરિવાર સાથે મહાકુંભના પ્રવાસે ગઈ હતી. પરંતુ ખોટી રીતે બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

**મેયરના નામે મહાકુંભમાં રૂમ કોણે બુક કરાવ્યા?**

રાજકોટના મેયર કુંભયાત્રામાં કોર્પોરેશનની કારના વિવાદ વચ્ચે એક નવો જ ફણગો ફૂટયો છે. મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યુ હતુ કે, અમે પ્રયાગરાજમાં ગુજરાતી પેવેલિયનમાં પહોંચી રૂમ માટે ઇન્કવાયરી કરી તો ત્યાથી જવાબ મળ્યો હતો કે, તમારા નામે બે રૂમ બુક છે. મેયરે રૂમ બુક કોણે કરાવ્યા ? તેવુ પુછતા સામેના વ્યકિતએ જણાવ્યુ હતુ કે, અમને તો કોલ આવ્યો હતો કે, રાજકોટના મેયર કુંભમાં આવી રહ્યા છે. તેના માટે બે રૂમ બુક કરવાના છે. અમે રૂમ બુક કરી દીધા છે. આમ મેયરે માંગ્યા વગર તેના નામે રૂમ બુક કરાવવાની બાબત પણ શંકાસ્પદ ગણાવાય છે.

**ભાડા બાદ સાયરનનો વિવાદ;**
**ભાજપમાં હવે ખુલ્લી લડાઇ?**

ગુજરાતમાં સતા પરિવર્તન બાદથી રાજકોટ ભાજપમાં શરૂ થયેલા જૂથવાદ વચ્ચે મહાનગર પાલિકાના શાસકોમાં પણ અંદરખાને ચાલતો જૂથવાદ હવે બહાર આવ્યો છે. મેયર નયનાબેન પેઢડીયાની કુંભયાત્રાથી માંડી તેની કારના ભાડાનો વિવાદ ચગાવવામાં અને ત્યારબાદ મહાનગર પદાધિકારીઓની કાર પરના સાયરનનો વિવાદ ચગાવવામાં ભાજપના બે જૂથોની આંતરિક લડાઇનું પરિણા માનવામાં આવી રહ્યુ છે. મહાનગર પાલિકાના વિહવટમાં મેયરની ઉપેક્ષાનો મુદ્દો પણ ચર્ચાસ્પ બન્યો છે. આ ઉપરાંત એક હથ્થુ વહિવટના કારણે કોર્પોરેટરોમાં અંદરખાને પ્રવર્તતી નારાજગી પણ ધીરેધીરે બહાર આવી રહી છે. આગામી એક વર્ષમાં જ કોર્પોરેશનની ચૂંટણી યોજાનાર છે તે પુર્વે ભાજપના જૂથો વચ્ચે ચાલતી આંતરિક લડાઇ હવે ખૂલ્લી પડી રહી છે. આગામી દિવસોમાં નવા પ્રદેશ પ્રમુખ અને નવા શહેર ભાજપ પ્રમુખની નિમણુક બાદ ફરી કોર્પોરેશનની સતાનું કેન્દ્ર બદલાય તેવી શકયતા જોવાઇ રહી છે.

# પેલેસ રોડ, કનક રોડ, વિજય પ્લોટ, ઢેબર રોડ પર વધુ ૧૮ કોમર્શિયલ મિલકત સીલ

- **મનપાના વેરાવિભાગ દ્વારા આજે પેલેસ રોડ, કનક રોડ, વિજય પ્લોટ, ઢેબર રોડ સહિતના વિસ્તારોમાં રિકવરી ઝુંબેશ અંતર્ગત વધુ ૧૮ કોમર્શીયલ મિલ્કતો સીલ કરી સ્થળ ઉપર**

રાજકોટ, તા. ૧૫ઃ મનપાના વેરાવિભાગ દ્વારા આજે પેલેસ રોડ, કનક રોડ, વિજય પ્લોટ, ઢેબર રોડ સહિતના વિસ્તારોમાં રિકવરી ઝુંબેશ અંતર્ગત વધુ ૧૮ કોમર્શીયલ મિલ્કતો સીલ કરી સ્થળ ઉપર રૂા. ૩૮.૬૦ લાખની વેરાવસુલાત કરી હતી. મહાનગરપાલિકાના વેરાવિભાગ દ્વારા આજે લોહાણાપરા મેઈન રોડ પર આવેલ'રઘુનાથજી આર્કેડ' સેકન્ડ ફ્લોર શોપ નં-૨૧૩ ને સીલ મારેલ, કૃષ્ણપરામા ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩.૦૬ લાખ, પેલેસ રોડ પર આવેલ સમર્થ સેકન્ડ ફ્લોર શોપ નં-૨૦૧ને સીલ મારેલ, ભૂપેન્દ્રરોડ પર આવેલ 'શ્રીરોમણી કોમ્પ્લેક્ષ' ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૩૨ ને સીલ મારેલ, કડીયાનવી લાઈનમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૨.૯૫ લાખ, પેલેસ રોડ પર આવેલ આર.કે.કોમ્પ્લેક્ષ માં ૧-યુનિટને સીલ મારેલ, ભૂપેન્દ્ર રોડ પર આવેલ 'શ્રીરોમણી કોમ્પ્લેક્ષ' ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૪ ને સીલ મારેલ, કનક રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩.૪૪ લાખની કરી હતી.



મનપાના વેરાવિભાગ દ્વારા આજે વિજય પ્લોટમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૯,૫૯૯, લોહાણાપરામાં 'રઘુનાઠ આર્કેડ સેકન્ડ ફલોર શોપ નં-૨૧૮ને સીલ મારેલ, રામનાથ ઓધોગીક વિસ્તારમાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૩.૭૦ લાખ., મરૂતી ઓધોગીક વિસ્તારમાં ૧-યુનિટની સીલ મારેલ, ઢેબર રોડ પર આવેલ અટીકા શેરી નં-૭માં ૧-યુનિટને સીલ મારેલ, પ્રગતી સોસાયટીમાં ૧-યુનિટની નોટીસ સામે રીકવરી રૂ.૮૩,૨૫૦, બોલબાલા રોડ પર આવેલ ૧-યુનિટને સીલ મારેલ, ઢેબર રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૫૨,૫૯૦, હરી ઓમ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ૧-યુનિટના બાકી માગના સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૮૦,૩૨૦ની કરી હતી. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક,સેન્ટ્રલ ઝોનમેનેજરવત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોનમેનેજરમયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોનમેનેજરશ્રી નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કરતથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરશ્રીઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે નવી કસરત, તમામ મિલકતોને સરવે કરાશે

- **એજન્સી દ્વારા કામગીરી કરાશે, તમામને આઈકાર્ડ અપાશે, સરવે દરમિયાન મિલકતના ફક્ત ફોટા પાડશે, લોકોને સહકાર આપવા મનપાની અપીલ**

રાજકોટ, તા. ૧૫ઃ રાજકોટ શહેરને સ્વચ્છતા રેકીંગમાં નંબર ૧ લઈ આવવા માટે મહાનગરપાલિકાએ ડોર ટુ ડોર ગારબેજ કલેક્શન પદ્ધતિમાં ધરમુળથી ફેરફાર કરી રૂા. ૧૧૦૦ કરોડના ખર્ચે એજન્સીને કામ સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના માટે જરૂરી મશીનરી સહિતના કેટલાક સાધનોની જરૂરિયાત ઉભી થશે તે જાણવા માટે શહેરની તમામ મિલ્કતોનો સર્વે કરવો જરૂરી બનેલ હોય હવે એજન્સી દ્વારા શહેરની અંદાજીત ૫.૩૦ લાખ મિલ્કતોના ફોટા પાડી તેનો ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવશે. એજન્સીના માણસોને આઈકાર્ડ આપવામાં આવ્યું છે અને તેમના દ્વારા ફક્ત મિલ્કતનો ફોટો પાડવામાં આવશે. મિલ્કત સબંધીત કોઈ જાતના સવાલ પુછવામાં નહીં આવે આથી દરેક નાગરિકે એજન્સીના માણસોને સહકાર આપવા માટે મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



રાજકોટ શહેરમાં સમાવિષ્ટ વોર્ડ વિસ્તારમાંથી મિનિ ટીપર વાહનો મારફતે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની નવીનતમ ટેક્નોલોજી આધારીત શહેરના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટેલ, લારી-ગલ્લા, ક્લીનિક, હોસ્પિટલ, કોમ્યુફનિટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોગટ વિગેરેનો સર્વે થનાર છે, જે સર્વે એજન્સીના સ્ટાફ દ્વારા થનાર છે, જે એજન્સીના સ્ટાફ સ્થળ પર આવી વોર્ડ વિસ્તારના દરેક ઘર, ઓફિસ, દુકાન, રેસ્ટોરન્ટ, હોટેલ, લારી-ગલ્લા, ક્લીનિક, હોસ્પિટલ, કોમ્યુ નિટી હોલ, જ્ઞાતિની વાડી, પાર્ટી પ્લોનટ વિગેરેના ફોટા લેવામાં આવશે, તેઓ દ્વારા મિલકત સંબધી કોઈપણ સવાલ કરવામાં આવશે નહીં, આ સર્વે માત્ર ને માત્ર મિલકત ગણતરીનો સર્વે છે.

# ચિચોડા માટે જગ્યા ભાડે આપવાનું ટેન્ડર અંતે રદ : હવે હરાજી થશે

## મનપાએ રસના ચિચોડા માટે પ્લોટ ભાડે દેવાની પદ્ધતિમાં ફેરફાર કર્યા બાદ ભારે વિરોધ થતાં તંત્રએ નમતું જોખ્યું

મનપાએ રસના ચિચોડા માટે પ્લોટ ભાડે દેવાની પદ્ધતિમાં ફેરફાર કર્યા બાદ ભારે વિરોધ થતાં તંત્રએ નમતું જોખ્યું રાજકોટ શહેરમાં સિઝનલ ધંધાની ભારે બોલબાલા છે. જેમાં ઉનાળા દરમિયાન ગોલા અને શેરડીના રસના સ્ટોલ અનેક સ્થળે બનતા હોય છે. જેમાં મહાનગરપાલિકા દ્વારા તેમની માલીકીના ૮ પ્લોટ ઉપર વર્ષોથી નાના ધંધાર્થીઓને ૧૦૧૦ના ગાળાના રૂા. ૫૦૦ લેખે ભાડેથી જગ્યા ફાળવવામાં આવી રહી છે. આ વર્ષે પણ જગ્યા માટે અનેક લોકોએ અરજી કરી છે. ત્યારે જ અધિકારીઓએ મનઘડત નિર્ણય લઈ ટેન્ડર પ્રક્રિયાનો નિયમ અમલમાં બનાવતા ચીચોડાના સંચાલકોએ અમને ટેન્ડર ભરતા ન આવડે તેવુ કહી તંત્રને



રજૂઆત કરતા હવે દરેક પ્લોટની હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં જૂનાભાગ રૂા. ૨.૫૦ લેખે અપસેટ પ્રાઈઝ નક્કી કરી હરરાજીની બોલી લગાવવામાં આવશે અને વધુ ભાવ બોલનારને પ્લોટ ફાળવવામાં આવશે.તેમ જાણવા મળેલ છે. મહાનગરપાલિકાની માલીકીના શહેરમાં આવેલા અલગ અલગ આઠ પ્લોટ ઉપર દર વર્ષે ઉનાળાની સિઝનમાં રસના ચીચોડા અને ગોલાના ધંધાર્થીઓને પ્લોટ પર જગ્યા ભાડેથી આપવામાં આવે છે. જેના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. વર્ષોથી શહેરમાં ગોલા અને રસના ચિચોડા માટે ગાળાનો ભાવ ફિક્સ કરવામાં આવ્ય છે.૧૦૧૦ના એક ગાળાના ફિક્સ રૂપિયા ૨૫૦ એટલે કે, બે ગાળાના રૂા. ૫૦૦ લેવામાં આવે છે. પરંતુ એસ્ટેટ અધિકારી નવા આવતા આ સિઝનલ ધંધાર્થીઓના ભાડામાં વધારોઝીંકી દેવામાં આવ્યો છે. જૂના ભાવ ગાળા મુજબ વસુલવામાં આવતા હતાં તેના બદલે હવે દરેક ગાળાના ફૂટ માપી રૂા. ૨.૫૦ ફૂટ દિઠ વસુલવાનું નક્કી કરી આ મુજબનું ટેન્ડર બહાર પાડી દેતા સિઝન નાના ધંધાર્થીઓમાં દેકારો બોલી ગયો છે અને હવે તંત્ર દ્વારા દરેક પ્લોટની જાહેર હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મનપાના એસ્ટેટ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ વર્ષોથી રૂા. ૨.૫૦નો ભાવ હતો જેમાં હવે વધારો કરવાની જરૂરિયાત ઉભી થતાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. પરંતુ નાના ધંધાર્થીઓને ટેન્ડર પ્રથામાં ગતાગમ પડતી ન હોવાની સંચાલકોએ રજૂઆત કરી હતી. આથી આવક વધે અને સાથો સાથ રસના ચીચોડાના સંચાલકોનો પ્રશ્ન પણ હલ થાય તે મુદ્દે નિર્ણય લઈ હવે સ્થળ ઉપર જઈ તમામ પ્લોટની હરરાજી કરવામાં આવશે. અપસેટ પ્રાઈઝ ૨.૫૦ રાખવામાં રાખવામાં આવશે જેના વધુ ભાવ આવશે તેને પ્લોટની ફાળવણી કરાશે.

## ચોરી થયેલ એકટિવા ચોરીનો ભેદ ઉકેલાયો

રાજકોટઃ રાજકોટ ધરમનગર વિસ્તારમાંથી એકટિવા ચોરીનો ભેદ ઉકેલવામાં ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસને સફળતા મળી છે. ચોરાઉ એકટિવા સાથે રૈયા ધારના શખ્સને ઝડપી લીધો હતો.યુનિ. પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એન. પટેલની સુચના મુજબ હે.કોન્સ. મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, પો.કોન્સ. વનરાજભાઈ લાવડીયાએ રાજ ઉર્ફે રાજુ જલસારામ યાદવ રે. રૈયા ધાર રાજકોટ એકટિવા સાથે ઝડપી લઈ પુછપરછ કરતા તેમણે ધરમનગર ધર્મેશ્વર મહાદેવ મંદિર પાસેથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એચ.એન. પટેલ તથા પીએસઆઈ વી.જી. ડોડીયા તથા એએસઆઈ જગમાલભાઈ ખટાણા, અજયભાઈ ચૌહાણ, પો.હેડ કોન્સ. મહિપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, વિરદેવસિંહ જાડેજા, વિજુભા જાડેજા, ક્રિપાલસિંહ ઝાલા, જીજ્ઞેશભાઈ મારૂ, પ્રતાપસિંહ મોયા તથા પો.કોન્સ. વનરાજભાઈ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજાએ કરી હતી.

# રેલનગરની સ્કૂલમાં ધો.૧૦નો વિદ્યાર્થી છરી લઈ સ્કૂલે પહોંચ્યો, સહપાઠીના હાથમાં ઘા ઝીંકી દીધો

## ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખસેડાયો, ક્લાસ રૂમના સીસીટીવી ફૂટેજ વાઈરલ, મામલો પોલીસ મથકે પહોંચ્યો

### શહેરમાં લુખ્ખાગીરી વધી રહી છે, ત્યારે જ એક ૧૫ વર્ષનો સગીર પણ સ્કૂલ બેગમાં છરી લઈ પહોંચતા ખળભળાટ મચી ગયો





રાજકોટ, તા.૧૪

રેલનગરની સ્કૂલમાં ધો.૧૦નો વિદ્યાર્થી છરી લઈ સ્કૂલે પહોંચ્યો હતો અને સહપાઠીના હાથમાં ઘા ઝીંકી દીધો હતો. શહેરમાં લુખ્ખાગીરી વધી રહી છે, ત્યારે જ એક ૧૫ વર્ષનો સગીર પણ સ્કૂલ બેગમાં છરી લઈ પહોંચતા ખળભળાટ મચી ગયો છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. ક્લાસ રૂમના સીસીટીવી ફૂટેજ વાઈરલ થયાં છે. મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.બનાવની વિગત મુજબ, બનાવ રેલનગરની આશીર્વાદ સ્કૂલનો છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના માતાએ સાંજ સમાચારને જણાવ્યું કે, મારો ૧૫ વર્ષીય પુત્ર રેલનગરની આશીર્વાદ સ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરે છે. તે સરળ સ્વભાવનો છે.

જેથી તેની સાથે જ ભણતો આરોપી વિદ્યાર્થી અવાર નવાર તેને હેરાન કરતો. અગાઉ બે વખત સ્કૂલમાં શિક્ષકો અને પ્રિન્સિપાલને ફરિયાદ કરી હતી. છતાં આરોપી વિદ્યાર્થી મારાં પુત્રને હેરાન કરતો. આજે મારો પુત્રર સ્કૂલે ગયો હતો. જ્યાં ક્લાસ રૂમમાં આરોપી વિદ્યાર્થીએ પોતાના બેગમાંથી મોટી છરી કાઢી હતી અને મારાં પુત્રના હાથમાં મારી દીધી હતી. જેથી મારો પુત્ર સીધો શિક્ષક પાસે ગયો હતો. જ્યાં શિક્ષક અને સ્કૂલ સંચાલકે આરોપી વિદ્યાર્થીની બેગ ચેક કરતા મોટી છરી નીકળી હતી.

મારો પુત્ર ઘરે આવતા તેને હાથમાં છરી લાગ્યાની જાણ કરી હતી જેથી અમે સિવિલ હોસ્પિટલ ગયા હતા. જ્યાં મારાં પુત્રના હાથની સોનોગ્રાફી અને એક્સરે કરવામાં આવેલ. આ તરફ સ્કૂલ સંચાલક અમને કહેલ કે, અમે આરોપી વિદ્યાર્થીને સ્કૂલમાંથી કાઢી મુકીશું. પણ તમે પોલીસ ફરિયાદ ન કરતા. જોકે અમારે પોલીસ ફરિયાદ કરવી હોય અમે પોલીસમાં જાણ કરી હતી.આ બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના માતા પિતાએ અગાઉ આ આરોપી વિદ્યાર્થીને સમજાવ્યો હતો પણ તે સમજ્યો નહોતો અને વધુ રુઆબ બતાવવા હવે છરી સાથે સ્કૂલે આવ્યો હતો.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા બાંભણીયા ગામે ચેકડેમનું ખાતમુહૂર્ત

અમરેલીઃ અમરેલી જીલ્લાના કુકાવાવ તાલુકાના બાંભણીયા ગામમાં સંપૂર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ ડેમ વિશાળ થવાથી ખૂબ ઊંડો થશે અને ખૂબ પાણી ભરાશે તેનાથી આજુબાજુના જમીનના તળમાં પાણીના લેવલ ઊંચા આવશે અને તે સ્તર ના પાણી ઊંચા લેવલ આવવાથી ખેતીમાં ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થશે. અને મીઠા પાણીથી ઉત્પાદનમાં પણ વધારો થશે વરસાદનું પાણી સંગ્રહ થવાથી જીવસૃષ્ટિ ની રક્ષા થશે અને પર્યાવરણનું જતન થશે.અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરેલ તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ અને જમીનની અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ છે. અમરેલી જિલ્લાના બાંભણીયા ગામના સરપંચ શ્રી લાલજીભાઈ ભુવા દ્વારા ગામના ખેડૂતો અને ગામના ઉદ્યોગપતિ શહેરમાં વસે છે, તે બધા સાથે મળી અને ગામની ખેતીમાં ઉત્પાદનમાં વધારો કરવા અને સૃષ્ટિના સર્વે જીવોની રક્ષા માટે લોક ફાળો એકઠો કરી અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદનું પાણી રોકવાના અભિયાનનમા જોડાઈ અને ચેકડેમનું નિર્માણ કરવામાં આવશે જેનાથી ઝડપી પાણી પ્રશ્ન હલ થશે એવું જણાવેલ.દરેક લોકો વરસાદી પાણીને સોના કરતા પણ કિંમતી સમજીને, આ કાર્યમાં જોડાઈ જવું જોઈએ, કારણ કે આજે નહીતો કાલે વરસાદી પાણી બચાવ્યા વિના ચાલશે જ નહિ.

# સ્થાનિક સ્વરાજયનીમાં ચૂંટણી કાર્ડ ઉપરાંત અન્ય ૧૨ વૈકલ્પિક દસ્તાવેજોથી પણ મતદાન કરી શકશે

## હળવદ નગરપાલિકા ચૂંટણી મતદાન તા.૧૬ ફેબ્રુઆરીનાં રોજ સવારે ૭ કલાક થી સાંજે ૬ કલાક સુધી મતદાન કરી શકાશે

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ અન્વયે હળવદ નગરપાલિકા ૭ વોર્ડ ની ૨૮ બેઠક માટે આગામી તા.૧૬.૦૨.૨૦૨૫નાં રોજ મતદાન થવાનું છે. આ ચૂંટણીમાં રાજ્ય ચૂંટણી આયોગની સુચના મુજબ નગરપાલિકા સામાન્ય ચૂંટણીઓ માટે મતદારો સવારે ૦૭.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી મતદાન કરી શકશે.





મતદારો ઓળખ માટે ચૂંટણી કાર્ડ ઉપરાંત અન્ય ૧૨ વૈકલ્પિક દસ્તાવેજોથી પણ મતદાન કરી શકાશે. આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ () કાર્ડ, ફોટો સાથેના હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલા), સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલા દિવ્યાંગનું ફોટા સાથેનું પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલા),નો સમાવેશ થાય છે, કર્મચારી રાજય વીમા યોજના () હેઠળ આપવામાં આવેલા ફોટા સાથેનું ઓળખકાર્ડ રજૂ કરી મતદાન કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, મતદાન મથક અને મતગણતરી કેન્દ્ર ખાતે સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો છે, કોઈ પણ વ્યક્તિ મતદાન મથકોએ ફોન સાથે પ્રવેશ કરી શકશે નહીં...

# પૂ. મોરારિબાપુની ભૂમિ તલગાજરડા અને તેની આસપાસ ૧૦ હજાર વૃક્ષો વાવીને તેનો ઉછેર કરાશે

## વૃક્ષો વાવી અને જતન કરવાનું યજ્ઞ કર્મ સદભાવના વૃદ્ધાશ્રમ કરે છે -: પૂ. મોરારિબાપુ

રાજકોટઃ સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર દેશમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવી, સમગ્ર દેશને હરિયાળું કરવાના સંકલ્પ અંતર્ગત પૂ. મોરારિબાપુની ભૂમિ તલગાજરડા અને તેની આસપાસ ૧૦ હજાર વૃક્ષો વાવીને તેનો ઉછેર કરવામાં આવશે. જેમાં ૪ હજાર વૃક્ષો વાવવાનું કાર્ય પૂર્ણ થઇ ચુક્યું છે.



આ અંગે પૂ. મોરારિબાપુએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, "સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા આખા દેશમાં ૧૫૦ કરોડની મોટી સંખ્યામાં વૃક્ષારોપણ અને તેનું જતન કરવાનો મનોરથ છે. આખા દેશને આગામી વર્ષોમાં હરિયાળું કરવાની પહેલમાં મારા ગામ તલગાજરડામાં દાતાઓના સહકારથી અને આગામી સંસ્થાઓનાં સહકારથી ૪ હજાર વૃક્ષો વવાયા છે અને હજુ પણ જેટલી સરકારી જમીન હોય તથા સરપંચ અને ગામનાં લોકો જ્યાં જ્યાં કહેશે ત્યાં, કોઈને અગવડ ઉભી ન થાય, નિયમોનો ભંગ ન થાય તે રીતે વૃક્ષારોપણ કરી, તેને ઉછેરવાની અમારી ઈચ્છા છે. આખા તલગાજરડાની આજુબાજુ વૃક્ષો ઉગીને ઉભા થયા છે. રાષ્ટ્રનાં અનેક કાર્યો મહત્વનાં છે, પરંતુ એમાંથી બહુ જ મોટું યજ્ઞ કર્મ છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વૃક્ષારોપણ, વૃક્ષ જતન કરવાનું મોટું કાર્ય થઈ રહ્યું છે. આ માટે રાજકોટ ખાતે મેં રામકથા પણ કરી હતી. આ સંસ્થા સાથે હું આત્મીય રીતે જોડાયેલો છું. હું સંસ્થાની પ્રવૃત્તિ વિષે બધું જ જાણું છું છતાં મને એક સુખદ આશ્ચર્ય થાય છે એ આ બધું કેવી રીતે થઇ શકે છે ! આનંદની વાત છે કે રાજકોટની કથા પછી વૃક્ષારોપણ માટે નવા દાતાઓ બન્યા છે એ માટે આ કાર્યમાં વધુ ઉર્જા ભળી છે. ભગવાન કૃષ્ણએ કહ્યું છે કે વૃક્ષોમાં હું પીપળો છું. શિવજી માટે વડલો અને મારા રામાયણમાં આંબો, વડલો, લીમડો, જાંબુડો, પીપર આ બધાના ગુણગાન ગવાયા છે. રામાયણની ભૂમિ તલગાજરડા છે એ માટે અહિંયાથી વૃક્ષારોપણ શરુ થયું છે. મારું તો એવું પણ કહેવું છે કે નદીની બાજુમાં જમીન મળે તો ત્રિભુવન વન થાય, ૧૦૦૮ વૃક્ષો થાય તેવું ભગવાન કરાવે. એક એક વૃક્ષ એક એક દાતાના નામનું વવાય. વૃક્ષો વાવી અને જતન કરવાનું યજ્ઞ કર્મ આ સંસ્થા કરે છે. બધાએ એમાં સહકાર આપવાનો છે. આ માટે આર્થિક સાથ પણ જરૂરી છે

## સજાનાં વોરંટમાં ફરાર શખ્સ ઝડપાયો

રાજકોટઃ યુનિ.પોલીસે પેટ્રોલીંગ દરમિયાન સજાનાં વોરંટમાં ફરાર આરોપીને પકડી કોર્ટના હવાલે કરેલ છે. ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસ સ્ટેશનનાં પી.આઈ.એસ.એન.પટેલના માર્ગદર્શન હેઠળ પો.કોન્સ દિવ્યરાજસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજાએ ચીફ.જયુ.કોર્ટની સજામાં નાસતા ફરતા પ્રકાશ રમેશભાઈ પુરોહિત રે.સરિતાવિહાર બ્લોક નં.એસ.૧૦૧ રાજકોટ સામે વોરંટ હોય તે આધારે ઝડપી લઈ કોર્ટ હવાલે કરેલ છે. પોલીસ ઈન્સપેકટર એચ.એન.પટેલ, તથા પી.એસ.આઈ.વી.જી.ડોડીયા તથા પો.હેડ.કોન્સ મહિપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, જીજ્ઞેશભાઈ મારૂ, ક્રિપાલસિંહ ઝાલા, પ્રતાપસિંહ મોયા તથા પો.કોન્સ વનરાજભાઈ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજા એ કરી હતી.

## એસ્ટ્રોન ચોક પાસે લાઈવ કસીનોમાં જુગાર રમતો વેપારી ઝડપાયો

રાજકોટઃ એસ્ટ્રોન ચોક પાસે લાઈવ કસીનોમાં તીનપતિનો જુગાર રમતો વેપારી જેનિસ પરમારને પીસીબીની ટીમે દબોચી લઈ મોબાઈલ ફોન કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ સંતોષભાઈ મોરી, હરદેવસિંહ રાઠોડ અને હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ જાડેજા સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે એસ્ટ્રોન ચોક પાસે જાહેર શૌચાલયની દીવાલ પાસે રોડ ઉપર એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં આઈ-ડી મારફતે હાર-જીતનો જુગાર રમે છે . તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મોબાઈલમાં જુગાર રમતાં શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતાનુ નામ જેનીશભાઈ સુરેશભાઈ પરમાર (ઉ.વ.૩૩),( રહે.એકતા એપાર્ટમેન્ટ પાંચમો માળ અમૃતા સોસાયટી ૧૫૦ રીંગ રોડ રૈયા ટેલીફોન એસકચેન્જ પાસે) હોવાનુ જણાવેલ હતું.

## બાઈક સવાર વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઈન ઝુંટવી બેલડી ફરાર

રાજકોટઃ ૮૦ ફુટ રોડ, બોમ્બે એપાર્ટમેન્ટ પાસે સ્પોટ બાઇકમાં ઘસી આવેલા બે શખ્સોએ બાઇકમાં સવાર વૃદ્ધાના ગળામાંથી સોનાનો ચેઇન ઝુંટવી ફરાર થઈ જતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી બેલડીની શોધખોળ આદરી હતી.બનાવ અંગે કુવાડવા રોડ પર અંબીકા રેશીડન્સી શેરી નં -૦૧ માં રહેતાં ભરતભાઈ ઓધવજીભાઈ પડિયા (ઉ.વ.૬૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ હાલ નિવૃત જીવન ગાળે છે.ગઇકાલે તેઓ તેના પત્ની રંજનબેન સાથે ઘરેથી બાઇકમાં તેમના જુના મોરબી રોડ સતગુરુ પાર્કમાં રહેતા સાળાનાં દિકરા પરેશભાઈ દુબળને ત્યા આટો મારવા ગયા હતા. ત્યારબાદ ત્યા જમીને રાત્રીના આસરે અગીયાર વાગ્યાની આસપાસ તેઓ પત્ની સાથે ઘરે પરત આવતા હતા તે દરમીયાન ૮૦ ફુટ રોડ, બોમ્બે એપાર્ટમેન્ટ પાસે પહોંચતા તેઓની ગાડીની બાજુમા કોઈ અજાણ્યા બે શખ્સો બાઈક લઇને ઘસી આવેલ હતાં. જેમાંથી એક શખ્સ બાઈક ચલાવતો હતો અને એક પાછળ બેસેલ હતો.

# આવકવેરા ધારાની કલમોમાં સુધારો કરવાની સંપૂર્ણ સત્તા સીબીડીટીને હસ્તક




અમદાવાદ ગુરૂવારે સંસદમાં રજૂ થનારા આવકવેરા ધારાને નવો ઓપ આપવા માટેના સૂચિત બિલના પાનાં નંબર ૫૯૯ પર આપવામાં આવેલી કલોઝ ૫૩૩માં સૂચવવામાં આવેલી જોગવાઈ મુજબ આવકવેરા ધારાની કલમમાં સુધારો કે ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસને આપવામાં આવી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. આવકવેરાના કાયદાના અનુસંધાનમાં તમામ નિયમો તૈયાર કરવાની પૂર્ણ સત્તા પણ સીબીડીટીને આપી દેવામાં આવી છે. તેમ જ કોમ્પ્લાયન્સ માટેના પગલાં લેવા અને ડિજિટલ ટેક્સ મોનિટરિંગની વ્યવસ્થા કરવાને લગતા દરેક પગલાં લેવાની સીબીડીટીને સ્તા આપવામાં આવી છે. તેને માટે સંસદમાં કાયદાકીય સુધારાઓ કરાવવાની જરૂરિયાત રહેશે નહિ. બીજા શબ્દોમાં કહીએ તો લોકોનું પ્રતિનિધિત્વ કરતી સસદ કરતાંય વધુ સત્તા સીબીડીટીને આપી દીધી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. હા, સરકાર તેના પર નજર જરૂર રાખશે. બહુધા જવાબદારી સીબીડીટીને માથે નાખવામાં આવી છે. નવા ખરડામાં ટેક્સ પેયર્સ ચાર્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નવા સૂચિત ખરડાની કલોઝ ૫૨૬માં ફેરફાર કરીને નવી વેરા સંહિતા સામે ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સિવાયની કોઈપણ કોર્ટમાં આવકવેરા એક્ટની વિરુદ્ધમાં કેસ કરી શકાશે નહિ, એમ વેરાના જાણકાર પ્રમોદ પોપટનુ કહેવું છે. બીજા શબ્દોમાં કહીએ તો આ કાયદા હેઠળ લેવામાં આવેલા પગલાંને અન્ય કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહિ.

# જેતપુર શહેરના કોંગ્રેસના એક,આપના બે ઉમેદવારો કેસરીયો ધારણ કર્યો

## જેતપુરમાં ચૂંટણી નજીક આવતાં જ તોડ-જોડની રાજનીતિ શરૂ





જેતપુર શહેરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવા વચ્ચે તોડ-જોડની રાજનિતી શરૂ થઈ છે. જેમા વોર્ડ નં ૧૦ ના કોંગ્રેસના મહિલા ઉમેદવારે પાર્ટી પરત્વે અસંતોષ વ્યક્ત કરી, ભાજપનો હાથ પકડ્યો હતો,

ત્યાર બાદ વોર્ડ નં ૯ ના આપના બે ઉમેદવારો ૨૪ જ કલાકમાં ભાજપમાં ભળી ગયા હતા. ત્યારે ઉમેદવારોએ કેસરીયો ધારણ કરી લેતાં ફરી એકવાર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. જેતપુર નવાગઢ નગરપાલિકાની ગણતરીના દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. યોજાનાર સામાન્ય ચુંટણીમા વોર્ડ નં.૧૦ ના કોંગ્રેસના ઉમેદવાર આનંદીબેન હરેશભાઈ ધામેલિયા તેમજ વોર્ડ નં.૯ ના આમ આદમી પાર્ટીના ૨ ઉમેદવાર નિલેશભાઈ ગોરીયા તેમજ રવિભાઈ જોટંગીયાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને સમર્થન જાહેર કરતા કોંગ્રેસનો હાથ - સાથ છોડી મહિલા ઉમેદવારે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો જ્યારે આપના બે ઉમેદવારોએ સાવરણાને ઝાકારો આપી ભાજપના ઉમેદવારોને સમર્થન કરતા ફરી એકવાર જેતપુરમાં તોડ-જોડની રાજનિતીને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે.

ધારાસભ્ય જયેશ રાદડિયાએ ૩ ઉમેદવારોને ભગવો ખેસ પહેરાવીને તેમને પક્ષમાં આવકારતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની લોકહિતલક્ષી નીતિઓથી પ્રભાવિત થઈને આ કાર્યકરોએ ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. ચૂંટણી નજીક આવતાં પક્ષપલટુઓ પોતોનો દાવા અજમાવી રહ્યાં છે.

### ગ્રાન્ટેડ કોલેજો ગરીબ-મધ્યમ વર્ગના છાત્રો માટે આશીર્વાદરૂપ

# ધમસાણીયા અને કુંડલીયા કોલેજમાં અભ્યાસક્રમ બંધ થવા જોઈએ નહીં

## અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિને રજુઆત



રાજકોટ તા.૧૪

ગ્રાન્ટેડ કોલેજો ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ હોય ધમસાણીયા તથા કુંડલીયા કોલેજમાં અભ્યાસક્રમ શરૂ રહેવા જ જોઈએ તેમ જણાવી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી.આ અંગે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ડો. રોહિતભાઈ દેસાઈ તથા મહામંત્રી ડો.નિર્મળસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ગ્રાન્ટેડ કોલેજો ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ છે.

એમ.ટી.ધમસાણીયા કોમર્સ કોલેજ અને એમ.જે.કુંડલીયા મહિલા કોલેજ છેલ્લા ચાર દાયકાથી ઉચ્ચ શિક્ષણ આપતી રાજકોટ શહેરની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો હોય અને જેમાં પુરતો શૈક્ષણિક સ્ટાફ પણ હોય તેમને વિદ્યાર્થીઓની સંખ્યા મળવાની કોઈ જ સમસ્યા ન હોય.

બી.બી.એ./હોમ સાયન્સ જેવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને ખૂબજ નજીવી ફીમાં અભ્યાસ કરાવતી આ એકમાત્ર ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ હોય જે બંધ થવી જોઈએ નહી. ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાલમાં ગુજરાત સરકાર દ્વારા ચાલુ છે.

# જેતપુરમાં પુલવામા આતંકી હુમલાના શહીદોને એબીવીપી કાર્યકરો દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ



પુલવામા ખાતે વર્ષ ૨૦૧૯માં થયેલા આતંકી હુમલા સંદર્ભે આજરોજ જેતપુરમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેતપુરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો દ્વારા અહીંનાં સરદાર ગાર્ડન બોસમિયા કૉલેજ સામે આજરોજ સાંજે એકત્ર થઈ અને પુલવામાં હુમલામાં શહીદ થયેલા ૪૦ જેટલા દેશના વીર સપૂતોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે સાથે દેશભક્તિના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ આયોજનમાં સ્થાનિક લોકો પણ જોડાયા હતા.

# સરકારી વીજ કંપનીઓ ૧.૩૦ કરોડ ગ્રાહકોને વીજળીના ચાર્જમાં ૪૫ પૈસાની રાહત આપશે



અમદાવાદઃ ગુજરાતની ચાર સરકારી વીજ કંપનીઓના ૧.૩૦ કરોડથી વધુ વીજ ગ્રાહકોને બપોરે ૧૧ વાગ્યાથી માંડીને ત્રણ વાગ્યા સુધીમાં વીજળીના થનારા વપરાશના ચાર્જમાં યુનિટદીટ ૪૫ પૈસાની રાહત આપવાનો દરખાસ્ત ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલી ૨૦૨૫-૨૬ના વર્ષની ટેરિફ પીટીશનમાં જણાવવામાં આવ્યું છે. આ જ રીતે પ્રીપેઈડ સ્માર્ટ મીટર લગાડનારાઓને તેમના સંપૂર્ણ યુનિટના બિલ એટલે કે એનર્જી ચાર્જના બિલમાં બે ટકાની રાહત આપવામાં આવશે. આમ સ્માર્ટ મીટર લગાડનારનું એનર્જી બિલ રૂા. ૫૦૦૦ આવે તો તેને રૂા. ૧૦૦ની રાહત આપવામાં આવશે. આ રાહતને વીજ વપરાશના સમયગાળા સાથે કોઈ જ નિસબત નથી. ૨૦૨૫-૨૬ના વર્ષના વીજદર વધારાની દરખાસ્ત સાથે આ રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત સરકારની ચાર વીજ કંપનીઓની આ દરખાસ્ત માન્ય થશે તો પહેલી એપ્રિલ ૨૦૨૫થી આ લાભ આપવાનું ચાલુ કરી દેવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ તો વીજ વપરાશકારોને સ્માર્ટ પ્રી પેઈડ મીટર લગાડવા માટે પ્રેરવાનું પગલું આ ઓફર આપીને લેવામાં આવ્યું હોવાનું માની શકાય છે. આ દરખાસ્ત સહિતની સમગ્ર ટેરિફ પીટીશન અંગે ગ્રાહકો અને ગ્રાહકોના હિતમાં કામ કરતી સંસ્થાઓના અભિપ્રાય પણ મંગાવવામાં આવ્યા છે. ખેતી વાડી સિવાયના હેતુઓ માટે હાઈ ટેન્શન, લૉ ટેન્શન, એન.આર.જી.પી. કે પછી ઈ.વી.સી.એસ.ની કેટેગરીમાં આવતા વીજ જોડાણ લેનારા દરેક વીજ ગ્રાહકોને બપોરે ૧૧ વાગ્યાથી ત્રણ વાગ્યાના સમયગાળામાં વપરાનારી વીજળીના યુનિટ દીઠ ચાર્જમાં યુનિટે ૪૫ પૈસાની રાહત આપવામાં આવશે.

# નિકાસમાં ૪૦ ટકા વધારા સાથે ઓટો ઉદ્યોગ માટે ૨૦૨૫ની પ્રોત્સાહક શરૂઆત

મુંબઈ નિકાસની દ્રષ્ટિએ દેશના ઓટો ઉદ્યોગ માટે ૨૦૨૫ના વર્ષનો મજબૂત પ્રારંભ થયો છે. ઉતારૂ વાહનો, ટુ વ્હીલર્સ તથા થ્રી વ્હીલર્સની નિકાસમાં ગયા મહિને દ્વીઅંકી વૃદ્ધિ જોવા મળી છે જ્યારે ઓટોની એકંદર નિકાસ ગયા વર્ષના જાન્યુઆરીની સરખામણીએ ૪૦ ટકાથી વધુ રહી છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ઉતારૂ વાહનો, ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ સહિતના વિવિધ વાહનોનું એકંદર ઉત્પાદન વાર્ષિક ધોરણે ૯.૩૦ ટકા વધી ૨૫,૪૬,૬૪૩ વાહનો રહ્યું હતું. ઘરઆંગણે હોલસેલ રવાનગી ૨.૫૦ ટકા વધી ૧૯,૩૫,૬૯૬ એકમ રહી હતી જ્યારે વાહનોની નિકાસ ૪૦.૨૦ ટકા વધી ૪,૬૨,૫૦૦ એકમ રહ્યાની પ્રાપ્ત ડેટામાં જણાવાયું હતું.




વાહનોની એકંદર નિકાસમાં સૌથી વધુ નિકાસ ૩,૮૦,૫૨૮ સાથે ટુ વ્હીલર્સની રહી છે. ટુ વ્હીલર્સની નિકાસમાં વાર્ષિક ધોરણે ૪૬.૨૦ ટકા ઊંચી રહી છે. ઉતારૂ વાહનોની નિકાસ ૧૭ ટકા જ્યારે થ્રી વ્હીલર્સની ૨૦ ટકા જેટલી વધી છે.

ઉત્પાદન એકમો ખાતેથી ડીલરો ખાતે ઉતારૂ વાહનોની રવાનગી જાન્યુઆરીમાં વાર્ષિક ધોરણે ૧.૬૦ ટકા વધી ૩,૯૯,૩૮૬ રહી હોવાનું ઉદ્યોગ સંસ્થા સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઅમ)ના ડેટા જણાવે છે. યુટિલિટી વ્હીકલની મજબૂત માગને કારણે આ વધારો જોવા મળ્યો છે. ગયા વર્ષના જાન્યુઆરીમાં ઉતારૂ વાહનોની હોલસેલ રવાનગી ૩,૯૩,૦૭૪ રહી હતી.

જાન્યુઆરીમાં ઉતારૂ વાહનોનો જથ્થાબંધ રવાનગીનો આંક જાન્યુઆરીનો અત્યારસુધીનો સૌથી ઊંચો રહ્યો છે. ટુ વ્હીલર્સની રવાનગી ૨ ટકા વધી ૧૫,૨૬,૨૧૮ રહી હતી.

# જયેશભાઈ AAPમાં વેલકમ... ઈસુદાનની ઓફર

## જેતપુર ન.પા. ચૂંટણીમાં પ્રચારાર્થે પહોંચેલા ઈસુદાન ગઢવીએ ટેકેદારોને ટીકીટ ન મળવાથી ભાજપથી નારાજ મનાતા જયેશ રાદડિયાને ઓફર કરતા રાજકીય ગરમાવો




સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ હવે ખરાબરીનો જંગ ખેલાઈ રહ્યો હોય તેવું લાગે છે. અને જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં તો ભાજપમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ છે. આગામી ૧૬ ફેબ્રુઆરીએ ચૂંટણીનું મતદાન અને ૧૮ ફેબ્રુઆરીએ ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે. તે વચ્ચે હવે જેતપુરમાં આમ આદમી પાર્ટી દ્વારા પ્રચાર પ્રસાર ચાલી રહ્યો છે. અને તેમાં જ હવે જયેશ રાદડિયાને ઈસુદાન ગઢવીએ નામ લીધા વગર જ આમ આદમી પાર્ટીમાં જોડાવવા ઓફર કરી દીધી હતી.

આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી પ્રચાર માટે પહોંચ્યા હતા. જેતપુરના નવાગઢ ખાતે આ પ્રદેશ અધ્યક્ષ ઈશુદાન ગઢવીએ સભાને સંબોધી હતી. અને તેમાં ઈસુદાન ગઢવીએ ભાજપ પર ખુબ મોટા પાયે પ્રહારો કર્યા હતા. અને કહ્યું કે, ભાજપવાળા પાસે ખુબ જ પૈસા છે. કારણ કે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને રૂપિયાની ઓફર કરવામાં આવે છે. જો તમારી પાસે આટલા જ રૂપિયા છે તો એ રૂપિયાને સારા વિકાસ કામોમાં વાપરો. અને જો તમને વપરાતા ન આવડતું હોય તો મારી પાસે આવો હું સમજાવીશ કે એ રૂપિયામાંથી ક્યાં કયા વિકાસના કામો થઈ શકે.

જેતપુર એટલે રાદડિયા નો ગઢ. પહેલા વિઠ્ઠલ રાદડિયા અને ત્યારબાદ જયેશ રાદડિયા અહીં બેઠક પરથી જીત મેળવતા આવે છે. એટલે કે એવું કહી શકાય કે તેમનો દબદબો છે. આજે ઈસુદાન ગઢવીએ જેતપુરમાં જાહેરમાં નામ લીધા વગર જ જયેશ રાદડિયાને આમ આદમી પાર્ટીમાં જોડાવવા ઓફર કરી દીધી છે. તેમણે કહ્યું કે, ભાજપમાં પણ સારા નેતાઓ છે સાંભળ્યું છે.

# વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ થવાનો કેન્દ્ર સરકારનો સંકેત

નવી દિલ્હી કેન્દ્ર સરકાર સફેદ વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ કરશે એવો સંકેત કેન્દ્રના અન્ન અને નાગરિક પુરવઠા તેમ જ ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આપ્યો છે. ચણાના ઊંચા ભાવોને લઈ મોંઘવારી સામે લોકોને રક્ષણ માટે સરકાર દ્વારા અગાઉ જૂન ૨૦૨૪થી દેશમાં ડયુટી ફ્રી આયાતની અપાયેલી મંજૂરી હવે દેશમાં જુલાઈ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૨૬ લાખ ટન જેટલી પીળા વટાણા (જે અંદરથી સફેદ હોય છે)ની આયાત થઈ ગઈ હોઈ અને માલભરાવાની સ્થિતિને લઈ ડયુટી ફ્રી આયાત અટકાવવામાં આવે એવી શકયતા છે.દિલ્હી ખાતે યોજાયેલા કઠોળ પરના કોન્કલેવ ૨૦૨૫ની સાથે સાથે તેમણે આ બાબતનો સંકેત આપ્યો હતો. આ મામલે વિવિધ



ખાતાના મંત્રીઓની મીટિંગમાં આ મામલે નિર્ણય લેવાય એવી શકયતા છે. આજે મોડી સાંજે આ બાબતે મીટિંગમાં વટાણાની આયાત પર કેટલી ડયુટી લાગુ કરવી એ વિશે વિચારણા થવાનું સુત્રોએ જણાવ્યું હતું. આ વિશે એક અન્ય અધિકારીએ પોતાની ઓળખ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, પીળા વટાણા( જે અંદરથી સફેદ હોય છે)ની આયાત પર ૧૦થી ૨૦ ટકા આયાત ડયુટી લાગુ કરવા ચર્ચા થઈ રહી છે. એક તરફ સરકાર કઠોળમાં ભારતને આત્મનિર્ભર બનાવવા પર ફોકસ કરી રહી છે,

# ગીર રક્ષિત વિસ્તારમાં ૨૧ લાયન કોરિડોર્સ

## પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્યમંત્રીનો રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર



રાજકોટ,તા.૧૪

ગીર રક્ષિત વિસ્તાર માટેના મેનેજમેન્ટ પ્લાન અનુસાર સરકારે કુલ ૨૧ મહત્ત્વપૂર્ણ કોરિડોર્સની ઓળખ કરી છે. ગીરમાં લાયન કોરિડોર્સ સંબંધે રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતી વેળાએ વન, પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કિર્તી વર્ધન સિંઘે રાજ્યસભામાં૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ આ માહિતી ઉપલબ્ધ બનાવી હતી.વનમંત્રીના નિવેદન અનુસાર, ગુજરાતમાં ગીર વિસ્તારમાં પ્રોજેક્ટ લાયનનો અમલ કરાઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ સંવર્ધન અને ઈકો-ડેવલપમેન્ટને એકીકૃત કરીને ગુજરાતમાં એશિયાટિક સિંહોના લેન્ડસ્કેપ ઈકોલોજી-આધારિત સંવર્ધન પર ભાર મૂકાઈ રહ્યો છે. પ્રોજેક્ટ લાયન ડોક્યુમેન્ટ લાયન ૪૭ઃ વિઝન ફોર અમૃતકાળ નીચેના ઉદ્દેશો સાથે તૈયાર કરવામાં આવ્યું છેઃ સિંહોની વધતી વસતિના વ્યવસ્થાપન માટે સિંહોની વસાહતોને પુનઃસ્થાપિત કરવી અને તેને સુરક્ષિત કરવી; સ્થાનિક સમુદાયોની આજીવિકાનું ઉપાર્જન તેમજ સ્થાનિક સમુદાયોની સહભાગીતાને વધારવી; સિંહોમાં રોગોના નિદાન અને ઈલાજ માટે ગ્લોબલ હબ ઓફ નોલેજ બનવું; અને પ્રોજેક્ટ લાયન પહેલ દ્વારા સર્વસમાવેશી બાયોડાયવર્સિટી સંવર્ધન હાથ ધરવું.

મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, ગુજરાત સરકારે રેડિયો કોલરિંગ અને જીઆઈએસ મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાયન કોરિડોર્સ અંગે સર્વગ્રાહી અભ્યાસો હાથ ધર્યા છે. આ પ્રક્રિયા દરમિયાન, સંલગ્ન સંસ્થાઓને પણ જોડવામાં આવી છે. સિંહોના વસાહતોના સંકોચન તેમજ માનવ-વન્યજીવ ઘર્ષણને ટાળવા વિવિધ પહેલો હાથ ધરવામાં આવી છે. આમાં વસાહતોના પ્રસ્થાપનના પ્રયાસો, સામુદાયિક સહભાગીપણાના કાર્યક્રમો તેમજ સંવર્ધનના લાંબાગાળાના પ્રયાસોને સુનિશ્ચિત કરવા વૈજ્ઞાનિક સંશોધનોનો સમાવેશ થાય છે.એશિયાટિક સિંહ અને તેની વસાહતોના રક્ષણ તેમજ સંવર્ધન માટે સરકારે લીધેલાં મહત્ત્વપૂર્ણ પગલાંમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

(૧) રક્ષિત વિસ્તારોના એક નેટવર્ક (રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો, સંવર્ધન રક્ષિત અને સામુદાયિક રક્ષિત વિસ્તારો)ની ગીરના જંગલોમાં રચના કરાઈ છે, તેમજ વન્યજીવોને તેમના શિકાર તેમજ વ્યાપારી હેતુ માટે થતાં શોષણ સામે વન્યજીવ (સંરક્ષણ) ધારા, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ કાનૂની રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે.

(૨) રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ અન્ય કાનૂની એજન્સીઓ સાથે વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યૂરો દ્વારા સંકલન સાધીને વન્યજીવોની શિકારપ્રવૃત્તિ તેમજ પ્રાણીઓના અવશેષોના ગેરકાયદે વેપાર વિશે બાતમી મેળવવામાં આવી રહી છે.

(૩) ઈકો-ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ દ્વારા સંવર્ધનનાં પગલાંમાં સ્થાનિક સમુદાયોની સામેલગીરી દ્વારા વન્યજીવોના રક્ષણમાં વન વિભાગને મદદ મળી રહી છે.

# રાજકોટ જિલ્લામાં રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

## જેતપુર, ધોરાજી, ભાયાવદર, જસદણ તથા ઉપલેટા નગરપાલિકાની ચૂંટણીમાં મતદાનની ફરજ નિભાવવા મતદારોને અનુરોધ




રાજકોટ,તા.૧૪

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૧ જાન્યુઆરીથી વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતા અમલમા મુકવામા આવી છે. ત્યારે રાજકોટ જિલ્લામાં ભાયાવદર, જસદણ, જેતપુર- નવાગઢ, ધોરાજી તથા ઉપલેટા નગરપાલિકાની ચૂંટણીનુ મતદાન તા.૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાશે.

આ ઉપરાંત ઉપલેટા ૦૪, ડુમીયાણી ૧૩- પાનેલી મોટી -૧, જસદણની ૧-આંબરડી,૫ ભાડલા, જેતપુરની ૧૫- પીઠડીયા, ગોંડલની ૨૦- સુલતાનપુર તાલુકા પંચાયત બેઠકોની પેટા ચૂંટણી પણ તા.૧૬ ફેબ્રુઆરી ના રોજ યોજાશે. તા.૧૬ ફેબ્રુઆરીએ મતદાનના દિવસે સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મતદારો મતદાન કરી શકશે. તા.૧૮ ફેબ્રુઆરી મત ગણતરીની હાથ ધરાશે. આ ઉપરાંત મતદારો નોટાનો ઉપયોગ પણ કરી શકાશે, મતદાનના દિવસે ભાઈઓ, બહેનો, યુવાનો, દિવ્યાંગ મતદારો, વરિષ્ઠ મતદારો સહિત તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવી અપીલ જિલ્લાના નોડલ અધિકારીએ કરી છે. મતદાનના દિવસે શ્રમિકો, કામદારો, કર્મચારીઓને મતદાન કરવા ત્રણ કલાકની રજા જે તે સંસ્થાઓ, કંપનીઓ દ્વારા આપવામાં આવશે. દરેક મતદાર મતદાન કરી પોતાની ફરજ અદા કરે તે ઇચ્છનીય છે.

### શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સૂચના

રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણી મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ રવિવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાશે. સ્થાનિક સ્વરાજની ચુંટણી અન્વયે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ - ૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારીઓ/કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે, તેમ રાજકોટ મદદનીશ શ્રમ આયુકતની યાદીમાં જણાવાયું છે.

# ઉનાળો ગુજરાતવાસીઓને પરસેવે રેબઝેબ કરશે

## ગુજરાતમાં ગરમીની શરૂઆત, ચાર મહાનગરોમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર



અમદાવાદઃ ગુજરાતમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે દિવસ દરમિયાન કાળજાળ ગરમી અનુભવાઈ રહી છે જ્યારે રાત્રે લઘુતમ તાપમાન ઓછું રહેતા ઠંડક અનુભવાય છે, પરંતુ હવામાન વિભાગની સાત દિવસની આગાહી મુજબ લઘુતમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતાઓ વચ્ચે ફેબ્રુઆરી મહિનામાં રાત્રિ દરમિયાન પણ ગરમીનો અનુભવ થશે એટલે ગુજરાતવાસીઓને ફેબ્રુઆરી મહિનાથી જ એસી અને કુલરની જરૂર પડી શકે છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે, જ્યારે મહતમ તાપમાન યથાવત રહ્યું છે, પરંતુ કેટલાક સ્થળ પર મહતમ તાપમાનમાં એકાદ ડિગ્રી સેલ્સિયસનો વધારો પણ નોંધાયો છે. ગતરોજ રાજ્યના ચાર સ્થળ પર મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રી અથવા તેનાથી પણ વધુ રહ્યો હતો. મહત્ત્વનું છે કે, ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં જ જો રાજ્યમાં તાપમાનની આ સ્થિતિ રહેશે તો આ વર્ષનો ઉનાળો ગુજરાતવાસીઓને પરસેવે રેબઝેબ કરી શકે છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં ૧૧.૮ ડિગ્રી હતું. તથા સૌથી વધુ મહતમ તાપમાન વેરાવળમાં ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના ચાર મહાનગરોમાં લઘુતમ અને મહતમ તાપમાન યથાવત રહ્યું હતું. અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૫.૮ ડિગ્રી સેલ્સિયસ તથા મહતમ તાપમાન ૩૨.૪ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સિયસ અને મહતમ તાપમાન ૩૨.૮ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૫.૭ ડિગ્રી સેલ્સિયસ અને મહતમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ તથા સુરતમાં લઘુતમ તાપમાન ૧૯.૬ ડિગ્રી સેલ્સિયસ અને મહતમ તાપમાન ૩૪.૪ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.ગુજરાતમાં ગરમીની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે દિવસ દરમિયાન કાળજાળ ગરમી અનુભવાઈ રહી છે જ્યારે રાત્રે લઘુતમ તાપમાન ઓછું રહેતા ઠંડક અનુભવાય છે, પરંતુ હવામાન વિભાગની સાત દિવસની આગાહી મુજબ લઘુતમ તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતાઓ વચ્ચે ફેબ્રુઆરી મહિનામાં રાત્રિ દરમિયાન પણ ગરમીનો અનુભવ થશે એટલે ગુજરાતવાસીઓને ફેબ્રુઆરી મહિનાથી જ એસી અને કુલરની જરૂર પડી શકે છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુતમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે, જ્યારે મહતમ તાપમાન યથાવત રહ્યું છે, પરંતુ કેટલાક સ્થળ પર મહતમ તાપમાનમાં એકાદ ડિગ્રી સેલ્સિયસનો વધારો પણ નોંધાયો છે. ગતરોજ રાજ્યના ચાર સ્થળ પર મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રી અથવા તેનાથી પણ વધુ રહ્યો હતો. મહત્ત્વનું છે કે, ફેબ્રુઆરીના પ્રથમ પખવાડિયામાં જ જો રાજ્યમાં તાપમાનની આ સ્થિતિ રહેશે તો આ વર્ષનો ઉનાળો ગુજરાતવાસીઓને પરસેવે રેબઝેબ કરી શકે છે.

### રીઝર્વ બેન્કે રાતોરાત – પેમેન્ટ – લોન અટકાવ્યા

## ગુજરાતમાં શાખા ધરાવતી મુંબઈની ન્યુ ઈન્ડીયા કોપ. બેન્ક કાચી પડી : રૂા.૨૪૦૦ કરોડ ફસાયા

### સુરત સહિતની શાખાઓમાં થાપણદારોનો ધસારોઃ અનેક પરિવારોની મરણ મૂડી – ઘરની લોનના હપ્તાના નાણા માટે દોડાદોડ




મુંબઈ મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતમાં સુરત સહિત શાખા ધરાવતી મુંબઈ સ્થિત ન્યુ ઈન્ડીયા કોઓપરેટીવ બેન્કના કામકાજ પર અને નાણા ઉપાડવા પર પ્રતિબંધ મુકી દેતા અહી બચત ખાતા તથા થાપણ ધરાવતા હજારો પરિવારોએ તેમના નાણાની સલામતી માટે શાખાઓ પર દોટ મુકી હતી.

અનેકને આજે જ જરૂરી હોય તેવા નાણા પણ નહી મળતા લોકો ચૌધાર આંસુએ રોતા નજરે પડયા હતા. આ બેન્કની સુરતમાં શાખા છે. બેન્કની નાણાકીય હાલત નબળી પડતા રિઝર્વ બેન્કે રાતોરાત આ બેન્કને નવી લોન આપવા સામે રોક લગાવી છે અને બેન્કમા જમા નાણા પણ હાલ નહી ઉપાડી શકાય તેવુ જાહેર થતા જ હજારો થાપણદારોમાં જબરો દેકારો મચી ગયો હતો.

રિઝર્વ બેન્કે આ સહકારી બેન્ક પાસે રોકડ નાણા નહી હોવાની તાત્કાલીક આ પ્રતિબંધ લાદી દીધો હતો. જેના કારણે થાપણદારોના નાણા ફસાઈ ગયા હતા. હજુ ગઈકાલ સુધી બેન્કનું કામકાજ ચાલુ હતુ અને અનેક લોકોએ નાણા પણ જમા કરાવ્યા હતા પણ સવારે જ તાળા લાગવા જેવી સ્થિતિ બની હતી. બેન્કમાં રૂ.૨૪૩૬ કરોડની થાપણો છે અને ૧૧૭૫ કરોડનું ધિરાણ છે છતાં પણ તેના ગેરવહીવટના કારણે આ સ્થિતિ સર્જાઈ છે.

### હવે સોનાના ઊંચા ભાવને કારણે દાણચોરી

## ટ્રોલીબેગના હેન્ડલમા સોનું છુપાવીને દાણચોરી અમદાવાદ એરપોર્ટથી પ્રવાસી ઝબ્બે



અમદાવાદ, તા.૧૪

અમદાવાદ એરપોર્ટ દાણચોરી માટે દેશનું અવ્વલ નંબરનું એરપોર્ટ બની રહ્યું છે. શારજાહથી આવતા મુસાફર પાસેથી કસ્ટમ્સની ટીમે ૩૫ લાખનું ૩૯૯.૪૬૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ઝડપી લીધું છે.

શારજાહથી આવતા મુસાફરે ટ્રોલીબેગના હેન્ડલની પાઈપમાં અને નોન સ્ટીક તવાના હેન્ડલમાં સોનાના તાર છૂપાવીને દાણચોરીનો પ્રયાસ કર્યો હતો. ઝડપાયેલો યુવક ઉત્તર પ્રદેશના શાહજહાપુરનો છે.કસ્ટમ્સની ટીમે સોનું કબજે લઇ વધુ તપાસ આદરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એરપોર્ટ પરથી દેશભરના દાણચોરોની સિન્ડિકેટ ફરી એકવાર એક્ટિવ થઇ છે. ભારત સરકારે બજેટમાં સોના પરની ડ્યૂટી ઘટાડી દેતાં સોનાની દાણચોરી લગભગ બંધ થઈ ગઈ હતી. ત્યારે જ સોનાના ભાવમાં અસાધારણ વધારાને લઈને ફરીથી દાણચોરી શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને અખાતી દેશોમાંથી દાણચોરો પોતાના પેડલર મારફતે સોનું લાવતા હોય છે.દાણચોરી વધતા કસ્ટમ્સ અને અન્ય સેન્ટ્રલ એજન્સીઓના અધિકારીઓની વોચ વધી છે. ત્યારે જ ગુરુવારે શારજાહથી આવેલી ફ્લાઈટમાં એક મુસાફર દાણચોરીના સોના સાથે આવ્યો હોવાની વિગતો કસ્ટમ્સની ટીમને મળી હતી.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

જે છો એ સર્વશ્રેષ્ઠ છો, વિશેષ બનવા ની ચાહમાં કાંઈ શેષ નહીં વધે...
સર્વસામાન્ય બની કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...

JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
art house
હેડઓફિસ :
“શ્રી હરી કોમ્પલેક્ષ” પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats 618 Carpet | 3 BHK Flats 824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**



અને જોડાઇ જાવ અમારી સાથે...

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો
મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા

તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે
કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્દ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062